સુવિચાર
''જેમ બધાં જ રસ્તાઓમાં તકલીફ હોવાની, એમ બધી જ તકલીફોનાં રસ્તા પણ હોવાના જ.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૯/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું : વિક્રમ સંવત ૨૦૮૨ ભાદરવા સુદ-૯ વર્ષ : ૧૭ અંક : ૨૩૫

## આઝાદીનાં ૮૦ વર્ષ બાદ પણ સુવિધાનો અભાવ જોવા મળે

# અમરેલીમાં બ્રોડગેજ રેલ્વે સેવા ક્યારે શરૂ થશે ? રામ જાને

**છેલ્લા ૨ વર્ષથી બ્રોડગેજ સેવાને લઈને કામગીરી તો શરૂ થઈ તો અનેક વાંધા અને વિવાદ શરૂ થયા**

**પદાધિકારીઓ અને રેલ્વે અધિકારીઓ ક્યાં અટવાઈ રહ્યા છે તેની કોઈને ખબર નથી**

**રેલ્વે વિભાગે બ્રોડગેજ સેવા ક્યારે શરૂ થશે તે અંગે સત્તાવાર કોઈ જાહેરાત કરવી જોઈએ**

**જનતા જનાર્દન અંદરો અંદર પુછપરછ કરીને પરિસ્થિતિ જાણવાનો કરે છે પ્રયાસ**



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લો એ રાજકીય ક્ષેત્રે અગ્રેસર હંમેશ રહ્યો છે. છતાં પણ આઝાદીનાં ૮૦ વર્ષ બાદ જિલ્લાનાંમુખ્યમથકાનેબ્રોડગેજરેલ્વેની સુવિધામળીનથી. આશ્ચર્યજનકબાબત એછેકેસમગ્રગુજરાતનુંએકમાત્રજિલ્લા મથક એવું છે જે બ્રોડગેજ રેલ્વેની સુવિધાથીવંચિતછે.

ગત લોકસભાની ચૂંટણી પહેલાઅમરેલીનેબ્રોડગેજરેલ્વેસુવિધા આપવાનું જાહેર થયું. બાદમાં અમરેલીથી ખીજડીયા વચ્ચેની હયાત મીટરગેજ લાઈનનું બ્રોડગેજ રેલ્વે લાઈનમાંરૂપાંતરણકરાયુંઅનેબાદમાં અમરેલીનાં હયાત રેલ્વે સ્ટેશનનાં મકાનનેહેરિટેજગણીનેસલામતરાખવું કેઆંશિકતોડીપાડવુકેસંપૂર્ણતોડીપાડવું તેનેલઈનેવિવાદશરૂથયો.

પૂર્વ સાંસદે હયાત મકાનને તોડીપાડવાસામેનારાજગીવ્યકતકર્યા બાદરેલ્વેઅધિકારીઓપણશુંકરવુંતેની વિમાસણમાંપડયાઅનેનવીલગાવાયેલ રેલ્વે લાઈનને લઈને પણ કયાંક જમીન સંપાદન કરવાની પ્રક્રિયામાં અડચણ આવી.

જો કે હજુ સુધી રેલ્વેનાં અધિકારીએજનતાનીજાણમાટેકયારેય પત્રકાર પરિષદ યોજી નથી કે નથી કોઈ સત્તાવારનિવેદનજાહેરકર્યુ. પદાધિકારી પણકાંઈસત્તાવારવિગતોજણાવતાન હોયજનતાએકબીજાનેપુછીનેબ્રોડગેજ રેલ્વે સેવાની જાણકારી મેળવવાનો પ્રયાસકરીરહીછે.

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ
• મરવાના વિચાર આવવા
• વિચારવાયુ
• વહેમ, શંકા
• મંદબુધ્ધિ બાળકોની સારવાર
• ચિંતા - ટેન્શન
• માથાનો દુઃખાવો
• જાતિય રોગો
• વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

### ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી અને રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં માર્ગદર્શનતળે

# અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં ભાજપનો દબદબો

**ભાજપ પ્રેરિત પેનલનાં તમામ ૧૭ ઉમેદવારો બિનહરિફ વિજેતા**







અમરેલી, તા. ૧૯

અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., અમરેલીની બોર્ડ ઓફ ડિરેકટર્સની ચુંટણી મામલતદાર (ગ્રામ્ય) ચૂંટણી અધિકારીનાં નેવૃત્વમાં તારીખ. ૨૮/૯/૨૦૨૬નાં રોજ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. સંસ્થામાં ૧૭ (સતર) ડિરેકટરર્સની જગ્યા ભરવાની થતી હતી. આ ખાલી જગ્યા ઉપર જયેશભાઈ મોહનભાઈ નાકરાણી અને દલસુખભાઈ કાનજીભાઈ દુધાતનાં નેતૃત્વમાં ભાજપ પ્રેરીત પેનલના સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ સદરહુ ચૂંટણીમાં હરીફ ઉમેદવાર તરીકે બીજા કોઈ હરીફ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. જતીન વખારિયા
કન્સલ્ટન્ટ ઓર્થોપેડિકસ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્કયુલર અને વાસ્કયુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS),
Consultant Gastroenterologist and Hepatologist
દર મહિનાના ત્રીજા શુક્રવારે
ડો. પ્રિતિશ શાહ
એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી)
કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

નિલકંઠ જ્વેલર્સ® (લાઠીવાળા)
ચેઈન મેલા
તા. ૨૧ થી ૨૬ સપ્ટેમ્બર સુધી
૯૧૬ હોલમાર્ક ચેઈનની ઘડામણ 3.90%
વજન ૧૦ ગ્રામ થી શરૂ
સુવર્ણ અલંકારોની એક નવી પરંપરા
અમરેલી: માણેકપરા, અમરેલી. Mo. 96018 98981 Mo. 98250 91721
રાજકોટ: પેલેસ રોડ, ભગવતી કાસ્ટકુની સામે, રાજકોટ. Mo. 95375 25000

// ખુશ ખબર //
નંદભુવન સોસાયટી
(પ્લોટીંગ સ્કીમ)
આકર્ષક ભાવે સ્કીમમાં બાકી રહેતા
ફકત ૨૫ પ્લોટ RS. 1,91,000/- પ્લોટ દીઠ ના ભાવથી વહેંચવાના છે
વહેલા તે પહેલા
કોન્ટેક : MO : 83568 49193
નંદભુવન સોસાયટી
ચિતલ રોડ, પ્રતાપપરા જવાના રસ્તે, ભાવકા ભવાની મંદિર પાસે, અમરેલી

### સિંચાઈ વિભાગનાં કવાર્ટરમાં તોડફોડ બાદ સરકારી રેકોર્ડ ગાયબ

# ઉનામાં સબ–રજીસ્ટ્રાર કચેરીનાં ૪,૬૧૦ દસ્તાવેજી વોલ્યુમની ચોરી

### ૧૩૩ પતરાની પેટીઓ પણ ચોરાઈ : પોલીસ ફરિયાદ


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૯

ઉનામાં સરકારી દસ્તાવેજી રેકોર્ડની ચોરીની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઉના સિંચાઈ વિભાગનાં કચેરી પરિસરમાં આવેલા રહેણાંક કવાર્ટર નં. ૪માં રાખવામાં આવેલા સબ–રજીસ્ટ્રાર કચેરીનાં કાયમી રેકોર્ડમાંથી ૪,૬૧૦ દસ્તાવેજી વોલ્યુમ તથા ૧૩૩ પતરાની પેટીઓ અજાણ્યા શખ્સો ચોરી કરી ગયા હોવાનું સામે આવ્યું છે. આ પતરાની પેટીઓની સરકારી કિંમત રૂા. ૩૩,૨૫૦ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સમગ્ર મામલે ઉના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, એપ્રિલ ૨૦૨૬થી ઉના સબ–રજીસ્ટ્રાર કચેરીનો કાયમી રેકોર્ડ સિંચાઈ વિભાગનાં કચેરી પરિસરમાં આવેલા રહેણાંક કવાર્ટર નં. ૪માં રાખવામાં આવ્યો હતો. આ કવાર્ટરમાં સબ–રજીસ્ટ્રાર કચેરી ઉપરાંત મામલતદાર કચેરી અને સિંચાઈ વિભાગનાં રેકોર્ડ તથા અન્ય સામગ્રી પણ સંગ્રહિત કરવામાં આવી હતી.

૧૪ સપ્ટેમ્બરે ચોરીની જાણ થઈ ફરિયાદ મુજબ તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬નાં રોજ સાંજે આશરે ૪:૫૦ વાગ્યે ઉના મામલતદાર કચેરીનાં મહેકમ દ્વારા સબ–રજીસ્ટ્રાર સૌરવભાઈ જગદિશભાઈ ચૌહાણને કવાર્ટર નં. ૪માં ચોરી થયાની મૌખિક જાણ કરવામાં આવી હતી. જાણ થતાં તેઓ કચેરીનાં કર્મચારીઓ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા.

સ્થળ પર તપાસ કરતાં રેકોર્ડ સંગ્રહ કરવાની જગ્યાએ તોડફોડ કરવામાં આવી હોવાનું અને અજાણ્યા શખ્સોએ અનધિકૃત રીતે પ્રવેશ કર્યો હોવાનું જણાયું હતું. ઘટનાની ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. આસપાસ તપાસ દરમિયાન કેટલીક સામગ્રી મળી આવતા તેને ફરીથી કવાર્ટરમાં સંગ્રહિત કરી દરવાજે નવું તાળું મારવામાં આવ્યું હતું.

ઘટનાની જાણ પોલીસ હેલ્પલાઈન ૧૧૨ પર કરવામાં આવતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો. ત્યારબાદ ફરિયાદી દ્વારા ઉના પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપવામાં આવી હતી.

૪,૬૨૫માંથી ૪,૬૧૦ વોલ્યુમ ગાયબ ચોરીની ઘટના બાદ સબ–રજીસ્ટ્રાર કચેરીનાં રેકોર્ડની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ચકાસણી દરમિયાન કુલ ૪,૬૨૫ દસ્તાવેજી વોલ્યુમમાંથી ૪,૬૧૦ વોલ્યુમ ગાયબ હોવાનું સામે આવ્યું હતું. એટલે કે રેકોર્ડનો મોટો જથ્થો કવાર્ટરમાંથી ગાયબ થયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ ઉપરાંત કુલ ૩૦૦ પતરાની પેટીઓમાંથી ૧૩૩ પેટીઓ પણ ગાયબ હોવાનું નોંધાયું છે. સરકારી ભાવ મુજબ એક પતરાની પેટીની કિંમત રૂા. ૨૫૦ ગણવામાં આવે તો ૧૩૩ પેટીઓની કુલ કિંમત રૂા. ૩૩,૨૫૦ થાય છે.

ડિજિટલ રેકોર્ડ પણ ઉપલબ્ધ હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ ફરિયાદમાં જણાવ્યા મુજબ ચોરી થયેલો દસ્તાવેજી રેકોર્ડ ગુજરાત સરકારનાં ઓનલાઈન પ્લેટફોર્મ જીઆરવીઆઈ ૨.૦ પર તેમજ ઉના સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે ભૌતિક રેકોર્ડ અને ડીવીડી સ્વરૂપે પણ ઉપલબ્ધ છે. જોકે, મોટી સંખ્યામાં મૂળ દસ્તાવેજી વોલ્યુમ ગાયબ થવાથી સરકારી રેકોર્ડની સુરક્ષા અંગે પણ સવાલો ઊભા થયા છે.

ભંગારમાં વેચવાનાં હેતુથી ચોરીની શકયતા મળતી પ્રાથમિક માહિતી મુજબ, ચોરીમાં સંડોવાયેલા શખ્સો ભંગાર વીણવાનો વ્યવસાય કરતા હોવાની માહિતી સામે આવી રહી છે. સરકારી દસ્તાવેજોનાં કાગળને ભંગારમાં વેચવાના હેતુથી રેકોર્ડની ચોરી કરવામાં આવી હોવાની શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, ચોરી પાછળનો ચોક્કસ હેતુ અને ઘટનામાં કોણ સંડોવાયેલું છે તે પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

શખ્સોના ફોટા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે ઘટનામાં સંડોવાયેલા હોવાની શંકા ધરાવતા શખ્સોના ફોટા સિંચાઈ વિભાગનાં કર્મચારી ચંદ્રેશભાઈનાં મોબાઈલ ફોનમાં હોવાનું જણાવાયું છે. આ ફોટાનાં આધારે શખ્સોની ઓળખ કરવામાં મદદ મળી શકે તેવી શકયતા પણ ફરિયાદમાં દર્શાવવામાં આવી છે.

બીએનએસની કલમો હેઠળ ફરિયાદ, પોલીસ તપાસ શરૂ આ સમગ્ર મામલે સબ–રજીસ્ટ્રાર સૌરવભાઈ જગદિશભાઈ ચૌહાણ દ્વારા ઉના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે બીએનએસની કલમ ૩૦૫(ય), ૩૩૧(૩) અને ૩૩૧(૪) હેઠળ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હવે પોલીસ દ્વારા કવાર્ટરમાં તોડફોડકરી પ્રવેશ કેવી રીતે થયો, આટલી મોટી સંખ્યામાં દસ્તાવેજી વોલ્યુમ અને પતરાની પેટીઓ કેવી રીતે બહાર લઈ જવાઈ, ઘટનામાં કોણ–કોણ સંડોવાયેલું છે તથા ચોરી કરાયેલા રેકોર્ડનો કોઈ અન્ય હેતુ માટે ઉપયોગ થયો છે કે કેમ તે સહિતનાં મુદ્દાઓ પર તપાસ કરવામાં આવી રહી છે.

# એસ.ટી. યુનિયન ના આગેવાન પ્રશાંત જોષીનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૧૯

અમરેલી માં એસ.ટી. માં ફરજ બજાવતા અને મજૂર મહાજન યુનિયનના આગેવાન,તેમજ બ્રહ્મ સમાજના પુર્વ સંગઠન મંત્રી અને ભુદેવ ગ્રુપ(એસ.ટી.)ના આગેવાન પ્રશાંત જોષી આજે ૫૫ વર્ષ પુર્ણ કરી ૫૬માં વર્ષ માં પ્રવેશ કરી રહ્યા છે. તેઓ ને બ્રહ્મ સમાજ,એસ.ટી. કર્મચારીઓ, તેમજ મિત્ર મંડળ, સગા સ્નેહી દ્વારા ખૂબ શુભકામના પાઠવામાં આવી રહી છે. તેમનો મો.નં. ૬૩૫૧૦ ૧૦૨૭૭ છે.

# કોટડાપીઠા પ્રાથમિક શાળામાં સર્જનાત્મકતાના રંગો ખીલ્યા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

‘સેવા સંકલ્પ અભિયાન–૨૦૨૬’ અંતર્ગત બાબરા તાલુકાના કોટડાપીઠા ગામની પ્રાથમિક શાળાની તાલુકા પંચાયતના પ્રમુખ તુષારભાઈ રામાણીએ મુલાકાત લઈવિદ્યાર્થીઓની સર્જનાત્મક પ્રતિભાને પ્રોત્સાહન આપ્યું હતું.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ માટે યોજાયેલી ચિત્ર સ્પર્ધા તેમજ ચિત્ર પ્રદર્શનની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ કૃતિઓનું નિરીક્ષણ કર્યુ હતું. બાળકોએ પોતાની કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને કળાને રંગોના માધ્યમથી ચિત્રોમાં સુંદર રીતે રજૂ કરી સેનું પ્રયાન ખેંચ્યું હતું.

તુષારભાઈ રામાણીએ વિદ્યાર્થીઓની વિવિધ કૃતિઓ નિહાળી તેમની પ્રતિભાને બિરદાવી હતી અને બાળકોને સતત સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાઈ પોતાની કળાને વધુ નિખારવા પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે શાળાના શિક્ષકગણ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા : બ્રહ્મસમાજ કર્મચારી મંડળ દ્વારા નાયબ કલેકટરને આવકાર



રાજુલા, તા. ૧૯

રાજુલા નાયબ કલેકટર કચેરી ખાતે નવ નિયુક્ત નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અક્ષર પી. વ્યાસ ની નિમણૂક થતા. રાજુલા ના બ્રહ્મસમાજ કર્મચારી મંડળના હોદેદારોએ રાજુલામા આવકારવા અર્થે શુભેચ્છા મુલાકાત કરી હતી. સૌને ઉમળકાભેર આવકાર્યા હતા ને નાયબ કલેકટરનુ શાલ તેમજ પુષ્પગુચ્છ થી ભાવભીનુ સ્વાગત કર્યુ હતુ. મુલાકાત દરમ્યાન કર્મચારી મંડળ ના પ્રમુખ કીરીટભાઈ જાની તથા મહામંત્રી પ્રવિણભાઈ જાની સાથે કર્મચારીએના પ્રશ્નો વિષયક ચર્ચાઓ કરી હતી. રાજુલા જાયન્ટસ પરિવાર ના ચેરમેન તેમજ સૌરભ સાહિત્ય સંસ્થાનના પ્રમુખ શશિભાઈ રાજયગુરૂ કવિ ‘હેમાળવી’ સાથે રાજુલામા ચાલી રહેલ સાહિત્યિક પ્રવૃત્તિ સંલગ્ન ચર્ચાઓ કરી હતી ને રાજુલામા થતા સંગીત અને સાહિત્યિક કાર્યક્રમમા હાજરી આપવા સંમતી આપી હતી.

કારોબારી ચિફ વિજયભાઈ જોષી તથા મા. નાગરિક બેન્ક મેનેજર મનસુખભાઈ જોષીએ કર્મચારી મંડળ દ્વારા થતા કાર્યક્રમો મા વાર્ષિક વિદ્યાર્થી સન્માન સમારંભ તથા વિવિધ કાર્યક્રમની ચર્ચાઓ કરી હતી.

શશિભાઈ રાજયગરૂએ વિશેષમા જણાવ્યુ હતુ કે સંપૂર્ણ હકારાત્મક અભિગમ ધરાવતા નાયબ કલેકટર અક્ષર પી. વ્યાસની નિમણૂક થી રાજુલા વિસ્તારનો વિકાસ વેગવવંતો બનશે. સમાજના દરેક પાસા પર તેમનો ફોકસ અને ઈન્વોલમેન્ટનુ તેમનુ વલણ અધિકારીઓ, પદાધિકારીઓ તથા કર્મચારીએમા નવી ઉર્જા ભરી દેશે. હમણાજ ભક્ષી મુકામે વ્યાસના માર્ગદર્શન નીચે યોજાયેલ યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ઉજવણીના કાર્યક્રમ વિશાળ જન મેદની, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા શિસ્ત અને સમયબધ્ધ રીતે સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.જે તેમની કાર્યક્ષમતાની મીસાલ રૂપ હતો.

બ્રહ્મસમાજ કર્મચારી મંડળ રાજુલાના હોદેદારોની મુલાકાતથી પ્રભાવિત થયા હતા.

### વોટ્સએપમાં માત્ર મચ્છીનાં ફોટા બતાવ્યા

# જાફરાબાદનાં વૃધ્ધ વેપારી પાસેથી મચ્છી વેચવાનાં નામે રૂપિયા ૪૫ હજાર પડાવી લીધા

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૯

જાફરાબાદ : આ કામના મો.નં. ૭૪૩૫૦૫૮૭૪૧ તથા મો.નં. ૯૭૧૪૨ ૩૨૧૯૪નો ઉપયોગ કરનાર વ્યકિતઓએ જાફરાબાદ ગામે બંદર રોડ ચાંમુડામાંના મંદિરની બાજુમાં રહેતા નરેશભાઈ રાજાભાઈબારૈયા નામના ૬૨ વર્ષીય વૃદ્ધને ગત તા. ૧૮/૬/૨૬થી તા. ૧૪/૭/૨૬ દરમિયાન ફોન કરી પોતે માછલીના વેપારી હોવાની ખોટી ઓળખ આપી, મચ્છી વેંચવાની વાત કરી, વોટ્સએપમાં મચ્છીના ફોટાઓ મોકલી, વૃદ્ધ વેપારીને કહેલ કે, મચ્છી ભરેલી પેટીઓ નીકળી ગઈ છે. તેમ કહી વૃદ્ધ વેપારી સાથે છેતરપીંડી કરી તેમના આઈસીઆઈસીઆઈ બેંકના એકાઉન્ટમાંથી કટકે કટકે કુલ રૂપિયા ૪૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી અને વૃદ્ધ વેપારી સાથે ગોળ ગોળ વાતો કરીને રૂપિયા પરત આપવાના બ્હાને રૂપિયા ૪૫,૦૦૦નો ખોટો સ્ક્રીનશોટ મોકલી કુલ રૂપિયા ૪૫,૦૦૦નું ઓનલાઈન સાઈબર ક્રાઈમ કરી છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોધાઈ છે.

### તાલુકા પંચાયતનાં સદસ્યાની રજુઆત

# અમરેલી : ચક્કરગઢ–લાલાવદર વચ્ચેનાં નોન પ્લાન માર્ગ પરનું નડતરરૂપ બાંધકામ હટાવો

### કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવીને માંગ કરાઈ

અમરેલી, તા. ૧૯

અમરેલી તાલુકાનાં ચક્કરગઢ ગામથી લાલાવદર ગામને જોડતા નોન પ્લાન એપ્રોચ રોડ પર ત્રણેક વર્ષ પહેલા ચક્કરગઢ ગામને અડીને આવેલા હોકળા ઉપર ઉચાઈવાળુ સ્લેબડ્રાઈનબનાવવામાંઆવેલછે.જેતે સમયએ પ્લાન ક્ષતિનાં કારણે ઉચાઈ વાળુ તેમજ ખેડૂતોનાં લાલવદરથી સીમ તરફ જવા ચક્કરગઢનાં ખેડૂતોને નડતરરૂપ થાય તે રીતે આડા ઉભી કરવામાંઆવેલછે.

આ બાબતે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા ધ્વારા ચક્કરગઢ ગામનીમુલાકાતદરમ્યાનસરપંચતેમજ ગામનાં ખેડૂતોની રજુઆત બાદ રાજયમંત્રી ધ્વારા સ્થળપર જ આ સ્લેબડ્રાઈનહટાવવાટેલીફોનીકસુચના આપવા થતાં આજ સુધી આ સ્લેબડ્રાઈન હટાવવાતો આના કારણે ખેડૂતોને ખેતર વાડીએ જવા ટ્રેકટરો, સનેડા વિગેરે વાહન વ્યવહારને ખુબજ મુશ્કેલી પડે છે. તો આ બાબતે સ્થળ તપાસ કરી તાત્કાલીક આ સમસ્યા હલ કરવા કરવા તાલુકા પંચાયતનાં સહસ્યા ભાવનાબેન સુખડીયાએ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

### આયુર્વેદ હોસ્પિટલ અને ગોરસ ફાઉન્ડેશનનાં સંયુકત ઉપક્રમે

# અમરેલીમાં આજે સવારે ૧૦ કલાકે સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં ‘‘આરોગ્ય સપ્તાહ’’ નો પ્રારંભ

### રાજય ઉજામંત્રી કૌશિક વેકરિયા દ્વારા ધન્વન્તરી પુજન દ્વારા પ્રારંભ

અમરેલી, તા. ૧૯

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર નિયામક આયુષની કચેરી, ગાંધીનગરનાં માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ હોસ્પિટલ અમરેલી તથા ગોરસ ફાઉન્ડેશન ટ્રસ્ટનાં સયુંકત ઉપક્રમે ૧૧માં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમિતે તા. ૨૦થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ દરિમ્યાન ‘‘આરોગ્ય સપ્તાહ’’ નું આયોજન કરવામાં આવ્યું છે. આયુર્વેદને વૈજ્ઞાનિક, પુરાવા આધારિતઅને સર્વગ્રાહી ચિકિત્સા પદ્ધતિ તરીકે વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આયુર્વેદ– એક પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ સમગ્ર માનવતાના સ્વસ્થ જીવન માટે ઉપયોગી બની રહેશે.



ગોરસ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા અમરેલી જિલ્લાનાં લોકોનાં આરોગ્ય કલ્યાણ માટે ‘‘સ્વસ્થ આવતી કાલ માટે આયુર્વેદ’’ નાં સૂત્ર સાથે સરકારી આયુર્વેદ હોસ્પિટલ અમરેલીનાં સહયોગથી અમરેલી જીલ્લામાં ધન્વન્તરી પૂજન, શાળા આરોગ્ય કેમ્પ, વા સાંધાના દુખાવા માટે અગ્નીકર્મ કેમ્પ,સગર્ભા માતા અને ધાત્રી માતા માટે કીટ વિતરણ, બાળકોમાં સુવર્ણપ્રાશન, ઔષધીય રોપા વિતરણ,યોગ અને પ્રાણાયામ વિશે જાગૃતિ, પ્રાકૃતિક જીવનશૈલી અને આહાર માર્ગદર્શન જેવા સાપ્તાહિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં નિદાનની સાથે સારવાર અને દવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

આરોગ્ય સપ્તાહનાં કાર્યક્રમોનો શુભારંભ રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે ધન્વન્તરી પૂજન દ્વારા તા. ૨૦/૯/૨૦૨૬નાં રોજ સવારે ૧૦ કલાકે સરકારી આયુર્વેદ હોસ્પિટલ અમરેલી ખાતે કરવામાં આવશે. આ કાર્યક્રમ પ્રસંગે વિવિધ સામાજિક તથા સેવાકીય સંસ્થાઓના હોદેદ્દારો ઉપસ્થિત રહેનાર છે.

સમગ્ર આરોગ્ય સપ્તાહનાં આયોજનમાં સરકારી આયુર્વેદ હોસ્પિટલ અમરેલી વૈદ પંચ કર્મ બી.એન. જાદવ અને આર.એમ.ઓ. ડો.ભાવેશભાઈ મહેતા તથા આયુર્વેદ હોસ્પિટલનાં તમામ સ્ટાફની સેવા ઉપલબ્ધ થઈ છે. સમગ્ર સમગ્ર આરોગ્ય સપ્તાહનાં સફળ આયોજન અને અમરેલી જીલ્લાનાં વધુમાં વધુ લોકોને આ સેવાનો લાભ મળે તે માટે ગોરસ ફાઉન્ડેશન ટ્રસ્ટનાં પ્રમુખ કૌશિકભાઈ વેકરીયા અને તમામ ટ્રસ્ટીઓ જહેમત ઉઠાવી રહ્યા છે. અમરેલી જીલ્લાનાં તમામ નાગરિકોને આરોગ્ય સપ્તાહનો લાભ લેવા અપીલ છે.

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# જાફરાબાદનાં સરકેશ્વર બીચ પર પિપાવાવ કોસ્ટ ગાર્ડ દ્વારા સફાઇ કરવામાં આવી







જાફરાબાદના સરકેશ્વર બીચ પર આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સફાઈ અભિયાન કરવામાં આવ્યું. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ સ્ટેશન પીપાવાવ દ્વારા આ અભિયાન યોજવામાં આવ્યું હતું. આમાં કોસ્ટ ગાર્ડ સહિત વિવિધ સંસ્થાઓના સ્વયંસેવકો જોડાયા હતા.આ અભિયાનમાં મરીન પોલીસ, સ્ટેટ પોલીસ, સિન્ટેકસ અને અલ્ટ્રાટેક જેવી સંસ્થાઓના સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. સ્વચ્છ દરિયાકાંઠો, સ્વચ્છ સમુદ્ર અને ટકાઉ ભવિષ્યનો સંદેશ આપવા માટે આ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સાગર અભિયાન સફળતાપૂર્વક યોજાયું હતું. ભારત સરકારનાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયનાં માર્ગદર્શન હેઠળ વહેલી સવારે આ વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશમાં વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સ્થાનિકોએ ઉત્સાહભેર જોડાઈને સમગ્ર બીચની સફાઈ અભિયાન દરમિયાન સરકેશ્વર બીચ પરથી આશરે ૮૦૦ કિલો કચરો એકત્ર કરવામાં આવ્યો. દરિયાઈ પર્યાવરણને સ્વચ્છ અને સુરક્ષિત રાખવાનો આનો મુખ્ય હેતુ હતો. લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે પણ આ અભિયાન કરાયું હતું. જાફરાબાદ સ્કૂલનાં ૪૦ વિદ્યાર્થીઓ અને આદિત્ય બિરલા સ્કૂલનાં ૫૫ વિદ્યાર્થીઓ પણ આમાં જોડાયા હતા. વિસ્તારમાંથી મોટી માત્રામાં પ્લાસ્ટિક અને કાચનો કચરો એકત્ર કરીને દરિયાઈ પર્યાવરણ અને જીવોના રક્ષણનો સંદેશ આપવામાં આવેલ દરિયાકિનારો સ્વચ્છ રહેવાથી પ્લાસ્ટિકનાં પ્રદુષણથી દરિયાઈ જીવસૃષ્ટિને થતું નુકસાન અટકાવી શકાય છે. આ અભિયાનનો મુખ્ય હેતુ દરિયાકિનારાને સ્વચ્છ રાખીને પર્યાવરણ પ્રત્યે લોકોમાં વ્યાપક જનજાગૃતિ લાવવાનો છે. બીચ પરથી વિખરાયેલો પ્લાસ્ટિક, કાચ અને અન્ય કચરો વીણીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આઈસીજીએસ પીપાવાવનાં કમાન્ડન્ટ સુભાષ કપૂર, કમાન્ડિંગ ઓફિસર, આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સાગર આર. અને એકિઝકયુટિવ ઓફિસર આઈસીજીએસ પીપાવાવ હાજર રહ્યા હતા. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. ગોહિલ, સિન્ટેકસનાં સીઈઓ એન્ટની લિયો અને કર્નલ સંદીપ સિંહ સહિતનાં આગેવાનો અને એનસીસી કેસેટસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. અભિયાનનો મુખ્ય હેતુ દરિયાઈ પર્યાવરણ અને જીવસૃષ્ટિને પ્લાસ્ટિકનાં પ્રદુષણથી બચાવવી, કિનારાની સુંદરતા જાળવવા અને સ્થાનિક લોકો તેમજ પ્રવાસીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવી સામૂહિક જવાબદારી નો સંદેશો આપવાનો હતો.

# અમરેલી : મોંઘીબા મહિલા કોલેજનાં એન.સી.સી. કેડેટસ દ્વારા "નશામુક્તિ જાગૃતિ અભિયાન" અંતર્ગત રેલીનું આયોજન






અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલી તથા ૩ જીયુજે Girls BN એનસીસી ભાવનગરનાં સંયુકત ઉપક્રમે તા. ૧૮/૯/૨૦૨૬નાં રોજ "નશામુકિત જાગૃતિ અભિયાન" અંતર્ગત Anti-Drug Awareness Rallyનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં કુલ ૪૮ એનસીસી કેડેટસે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનો અને સમાજમાં નશાનાં દુષ્પરિણામો અંગે જાગૃતિ ફેલાવવાનો તથા નશામુકત સમાજનાં નિર્માણ માટે જનજાગૃતિ લાવવાનો હતો. કેડેટસ ધ્વારા "નશાને કહો ના–જીવનને કહો હા", "નશામુકત યુવા–સશકત ભારત" જેવા વિવિધ જાગૃતિ સુત્રો સાથે રેલી યોજવામાં આવી હતી. કેડેટસે લોકોને નશાથી થતા શારીરિક, માનસિક અને સામાજીક નુકસાન અંગે માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબેન સોરઠિયા, એએનઓ એલટી. મનીષા સાગઠિયા, કોલેજ સ્ટાફ તથા ૪૮ એનસીસી કેડેટસની ઉપસ્થિતિ અને સહયોગ રહ્યો હતો. કાર્યક્રમનાં અંતે સૌએ નશામુકત સમાજનાં નિર્માણ માટે જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ લીધો હતો.

### સફાઈનાં અભાવે પરેશાની વધી

## અમરેલી તાલુકાનાં ૭૨ ગામોમાં ગટર ઉભરાવવાની સમસ્યા વકરી

### તાલુકા પંચાયતમાં જેટીંગ મશીન વસાવવા રજૂઆત

અમરેલી, તા. ૧૯

તાલુકાનાં ૭૨ ગામોમાં ૧૫માં નાણાપંચ હેઠળ બનેલી ગટર લાઈનો સફાઈનાં અભાવે ઉભરાઈ જતા ગ્રામજનોને ભારે હાલાકી ભોગવવી પડતી હોય આ અંગે તાલુકા પંચાયત ભાજપી સદસ્યા ભાવનાબેન સુખડીયાએ તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખી ૮૦૦૦ લીટર ક્ષમતાનું જેટીંગ મશીન ખરીદવા માંગ કરી છે.

અમરેલી તાલુકા પંચાયતનાં સદસ્ય ભાવનાબેન નાથાલાલ સુખડીયા દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. પત્રમાં જણાવ્યા મુજબ, અમરેલી તાલુકાનાં ૭૨ ગામોની ગ્રામ પંચાયતોમાં સરકારની ૧૫મું નાણાપંચ ગ્રામ્ય કક્ષા, તાલુકા કક્ષા અને અન્ય વિકાસલક્ષી યોજનાઓ હેઠળ ગંદા પાણીનાં નિકાલ માટે ગટરનાં કામો કરવામાં આવ્યા છે. જેનો લોકો



સુચારૂ રીતે ઉપયોગ પણ કરી રહ્યા છે.

પરંતુ આ ગટર લાઈનોની સફાઈ માટે એક પણ ગ્રામ પંચાયત કે તાલુકા કક્ષાએ જેટીંગ મશીન ઉપલબ્ધ ન હોવાથી ગટરો ઉભરાઈ જવાની સમસ્યા કાયમી બની છે. જેના કારણે સરપંચો અને ગ્રામજનોને રોજબરોજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ સમસ્યાનાં કાયમી નિવારણ માટે નગરપાલિકાઓમાં ઉપયોગમાં લેવાતું અત્યાધુનિક જેટીંગ મશીન (૮૦૦૦ લીટર કેપેસિટી, ૨૦૦૦ લીટર સ્લજ ટેંક, ૧૫ ટન વ્હીકલ ક્ષમતા) તાલુકા પંચાયત કક્ષાએ વસાવવામાં આવે તો ૭૨ ગામોની જનતાને મોટી રાહત મળે તેમ છે.

ભાવનાબેન સુખડીયાએ વધુમાં માંગ કરી છે કે આ મશીન ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ અથવા ધારાસભ્ય કે સાંસદની ગ્રાન્ટમાંથી તાત્કાલિક ખરીદવામાં આવે અને ગ્રામીણ જનતાની પડતી મુશ્કેલીનો અંત લાવવામાં આવે.

આ પત્રની નકલ સાંસદ ભરતભાઈ સુતરીયા અને કેબિનેટ મંત્રી કૌશિકભાઈ વેકરીયાને પણ મોકલવામાં આવી છે.

## બાબરા : વિહિપનાં અગ્રણી ગજેન્દ્રભાઈ શેખવાનાં પિતાનું નિધન થયું

બાબરા, તા. ૧૯

અમરેલી જિલ્લા વિ હિન્દુ પરિષદના અગ્રણી ગજેન્દ્રભાઈ શેખવાના પિતા ભુપતભાઈ નાગભાઈ શેખવા (ઉંમર ૭૪ વર્ષ)નું નિધન થતાં બાબરા શહેર સહિત સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

સ્વ. ભુપતબાપુ શેખવા પોતાના પાછળ પુત્રો ભગીરથભાઈ શેખવા, ગજેન્દ્રભાઈ શેખવા તથા નરેન્દ્રભાઈ શેખવા સહિત પરિવારજનોને વિલાપ કરતા છોડી ગયા છે. સ્વ. ભુપતબાપુનું સમગ્ર જીવન સાદગી, સદાચાર અને નિર્મળ સ્વભાવથી ભરપૂર રહ્યું હતું. સૌ સાથે આત્મીયતાપૂર્વકના વ્યવહાર અને સરળ જીવનશૈલીને કારણે તેઓ પરિવારજનો તેમજ પરિચિતોમાં હંમેશા સ્મરણમાં રહેશે.

સ્વ. ભુપતબાપુ શેખવાની અંતિમ સ્મશાનયાત્રા તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે તેમના નિવાસસ્થાન જિન પ્લોટ, ધારપરા ખાતેથી નીકળી હતી. અંતિમયાત્રામાં બાબરા શહેર તેમજ તાલુકાના કાઠી



ક્ષત્રિય સમાજના અગ્રણીઓ, વિ હિન્દુ પરિષદના કાર્યકરો, વેપારીઓ સહિત વિવિધ સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

ઉપસ્થિત સૌએ સદગત ભુપતબાપુને શ્રદ્ધાસુમન અર્પણ કરી અંતિમ વિદાય આપી હતી તેમજ શેખવા પરિવારને આ દુઃખદ ઘડીએ સાંત્વના પાઠવી પરિવારજનોને આઘાત સહન કરવાની શકિત મળે તેવી પ્રાર્થના કરી હતી.

### તા. ૨૨ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશે

## અમરેલી : ખેલ મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ

### ખેલાડીઓ વધુમાં વધુ બે રમતમાં ભાગ લઈ શકશે

અમરેલી, તા.૧૯

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોટર્સ ઓથોરિટી આફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે ખેલ મહાકુંભ–૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ ખેલ મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ તા. ૨૨–૦૬–૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકશે.

ખેલાડીઓએ નિયત સમય મર્યાદામાં http"//khelmahakumbh.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.ખેલ મહાકુંભમાં દરેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે. કોઈપણ ખેલાડી બે કરતાં વધુ રમતમાં ભાગ લઈ શકશે નહીં. એક જ KM ID થી બે રમતમાં રજિસ્ટ્રેશન કરાવનાર ખેલાડી વિજેતા બને તો બંને રમતોના રોકડ પુરસ્કાર માટે પાત્ર રહેશે. જે ખેલાડીઓ પાસે અગાઉનો KM ID હોય, તેમણે ફરજિયાત જૂના KM IDથી જ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

અં–૯, અં–૧૧, અં–૧૪ અને અં–૧૭ વયજૂથમાં શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓએ પોતાની શાળા મારફતે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જયારે કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરાવી શકશે.

વધુમાં ૪૦ અને ૫૦ વર્ષથી ઉપરના ખેલાડીઓ, ઓપન એઈઝ ગ્રૂપના ખેલાડીઓ તેમજ અભ્યાસ ન કરતા ખેલાડીઓ પણ પોતપોતાના વયજૂથ પ્રમાણે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતેથી અથવા પોતાના મોબાઈલ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ખેલ મહાકુંભ–૨૦૨૬ના રજિસ્ટ્રેશન અંગે વધુ વિગતો મેળવવા માટે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાનાની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે. ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં કોઈ તકલીફ જણાય તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૭ ૪૬૧૫૧ પર સંપર્ક કરી શકાશે.


**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી**
**ફાર્મસી કોલેજ – મેનેજમેન્ટ વેકેન્ટ સીટ પ્રવેશ**
પ્રથમ વર્ષ ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૬ – ૨૭
વેકેન્ટ તથા મેનેજમેન્ટ સીટ પ્રવેશ માટેનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| ૧ | ૨૧/૦૯/૨૬થી૨૭/૧૦/૨૬ | સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી |
| ૨ | ૨૮/૧૦/૨૦૨૬ | મેરીટ લીસ્ટ નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર પ્રસિદ્ધ |
| ૩ | ૩૧/૧૦/૨૦૨૬ | સંસ્થા ખાતે કાઉન્સીલીંગ વેકેન્ટ એડમીશન પ્રક્રિયા |

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત ★
★ શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા ફાર્મસી મહિલા કોલેજ અમરેલી ★
સ્થળ :–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ) , ચક્કરગઢ રોડ અમરેલી.
Ad 146



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦



Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com



















# જોશે જવાની હાએ. હાએ.. નિકલે જીધર સે ધૂમ મચાએ.. દુનિયા કા મેલા દુનિયા કી સેર કર લો, ઇન્સાન સે દોસ્ત બનકર.. અરાઉંડ ધ વર્લ્ડ એઇટ ચલે જાના, ઝરા ઠહરો. કિસી કા દમ નિકલતા હૈ.. યે મંજર દેખકર...


ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૩૦૧ -૧૯૬૭**

**પ્રિય વાંચક મિત્રો,**

૧૯૬૭ના ફિલ્મી સફરમાં આપણે જીતેન્દ્રની વાત કરી રહ્યા છીએ, આજે તેની સાથે રાજ કપૂરની યાદગાર ફિલ્મ વિષે પણ જાણીશું. રાજ સાહેબ વિષે વાત કરીયે તો, ૧૯૬૪ની સંગમ તેમની હીરો રૂપે અંતિમ સફળ સુપર હિટ ફિલ્મ રહી. ત્યારબાદની ફિલ્મો ફલોપ અથવા સેમી હિટ રહી. આજની ફિલ્મોની સામ્યતા એ છે કે, બન્ને ફિલ્મોની અભિનેત્રી રાજશ્રી છે, અને મેહમુદ પણ બન્ને ફિલ્મોમાં જોવા મળશે, અને સંગીત શંકર જયકિશન અને ગીત શૈલેન્દ્ર અને હસરતના રહેશે. જીતેન્દ્રની ફિલ્મની વાત કરતાં પેહલા રાજ સાહેબની ભારતની સૌ પ્રથમ ૭૦ એમ એમ ફિલ્મ વિષે વાત કરીયે.




અરાઉંડ ધ વર્લ્ડ – દોસ્તો, આ ફિલ્મ હિન્દી સિનેમાની પહેલી ૭૦ એમ એમ ફિલ્મ છે. પ્રથમ ફિલ્મ રાજા હરિશ્ચંદ્ર, પ્રથમ બોલતી ફિલ્મ, આલમ આરા, પ્રથમ રંગીન ફિલ્મ કિશન કન્યા, પ્રથમ સિનેમા સ્કોપ ફિલ્મ કાગઝ કે ફૂલ, અને પ્રથમ ૭૦ એમ એમ ફિલ્મ અરાઉંડ ધ વર્લ્ડ. ૭૦ એમ.એમ.ની ફિલ્મ અને સિનેમા સ્કોપમાં ૫ એમ એમનું અંતર હોય છે. પણ હિન્દી સિનેમાની આજની ફિલ્મ ૭૦ એમ એમ ના કેમેરામાં શુટ થઈ ના હતી, તેને ૩૫ એમ એમ માં શુટ કરી અને તે પ્રિન્ટને ૭૦ એમ એમ.માં પરિવર્તિત કરાઈ હતી. શોલે ફિલ્મને પણ ૩૫ એમ એમ માં શુટ કરી ૭૦ એમ એમ માં પરિવર્તિત કરાઈ હતી. ૭૦ એમ એમ ફિલ્મ બનાવવા માટે આઈ એમ એ એકસ કેમેરા નો ઉપયોગ થાય છે, ૧૯૬૭ બાદથી ૧૯૮૦ ના સમય સુધી ૭૦ એમ એમ કેમરામાં માત્ર બે ફિલ્મો જ બનાવાઈ છે , એક છે, ધ બર્નિંગ ટ્રેન અને બીજી છે, રઝિયા સુલ્તાન. બાકીની તમામ ફિલ્મો ૩૫ એમ એમ થી ૭૦ એમ એમમાં પરિવર્તિત કરાઈ છે. ૩૫ એમ એમ માં ફિલ્મ બનાવવાનો ખર્ચ અને ૭૦ એમ એમ માં ખર્ચ વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. અને તેથી ફિલ્મનું બજેટ વધી જાય છે, અને તેથી જ ધ બર્નિંગ ટ્રેન અને રઝિયા સુલ્તાન ફિલ્મો સફળના રહી. કારણ તેના બજેટ કરતાં કલેકસન ઓછું થયું હતું.

અરાઉંડ ધ વર્લ્ડ ફિલ્મ પણ સફળના રહી, કારણ ફિલ્મનું શૂટિંગ વિદેશમાં થયું, અને સાથે દર્શકોને રાજ કપૂર અને રાજશ્રીની જોડી પસંદના આવી, રાજ અને રાજશ્રી વચ્ચે ૨૧ વર્ષનો તફાવત તે સમયના દર્શકોએ સ્વીકાર્યો નહીં. ફિલ્મનું શૂટિંગ, જાપાન, યુરોપ, અને વેસ્ટ ઈન્ડિઝના અમુક ટાપુમાં થયું. આ ફિલ્મ ઓમ પ્રકાશના ભાઈ પાછી એ બનાવી હતી. જેનું નિર્માણ અને નિર્દેશન અને સ્ક્રીન પ્લે પણ તેણે જ કર્યું હતું. ફિલ્મમાં શૈલેન્દ્ર અને હસરત જઈપૂરીના ગીત અને શંકર જયકિશનનું સંગીત હતું. ફિલ્મના ગીતો રફી સાહેબ, મન્નાડે, મુબારક બેગમ, મુકેશ જી અને શારદાએ ગાયા હતા. શંકર શારદાને આગળ કરતાં જ રહ્યા હતા, અને લતાજીને તેઓ અવગનતા હતા. એક રીતે તેઓ વિનાશ કાળે વિપરીત બુધ્ધિ મુજબ ચાલતા હતા. સંગીતમાં લક્ષ્મીકાન્ત પ્યારેલાલ અને આર ડી બર્મન આગળ આવીરહ્યા હતા. અને શંકર જયકિશન ધીમે ધીમે સફળ તાથી દૂર થઈ રહ્યા હતા. ફિલ્મમાં રાજ કપૂર, રાજશ્રી, મેહમુદ, ઓમ પ્રકાશ, રાજ મેહરા, વેસ્ટ ઈન્ડિઝના મહાન ક્રિકેટર સર ફ્રાંક વોરેલ અહી નાની ભૂમિકા માં દેખાયા છે. અમિતા, અચલા સચદેવ, એક નાની ભૂમિકામાં પાછી, અને પ્રાણની મુખ્ય ભૂમિકા હતી.

તે સમયે એક ડોલરની કિમત આશરે ૨૦ રૂપિયા બરાબર હતી. ફિલ્મની કથા એવી છે કે, રાજ એક અમીર પરિવારનો યુવક છે, જે તેની માતા અચલા સાથે રહે છે, રાજના પિતાના દોસ્ત મેહરા તેની પુત્રી રાજશ્રીના લગ્ન રાજ સાથે કરવા માંગે છે, પણ તે ટોકયોમાં રહે છે, મેહરા નો ભાગીદાર પ્રાણ છે, જેની નજર મેહરાની દેલત અને તેની પુત્રી રાજશ્રી પર છે. મેહરા રાજને ટોકયો બોલાવે છે, પણ તે અચાનક વિદેશ જવાનું થતાં રાજના સ્વાગત ની જવાબદારી પ્રાણને સોપે છે, રાજ માત્ર આઠ ડોલર લઈ ટોકયો પહોચ્યો છે. પ્રાણ રાજનું સ્વાગત પણ કરતો નથી અને ફોનમાં તેને ઓળખવાની ના પાડે છે, હવે રાજને ભારત કેમ પહોચવું તે પ્રશ્ન થઈ જાય છે, પણ તેને એક જાપાની યુવતી મદદ કરે છે, તે એક જહાઝમાં જહાઝ સાફ કરનાર કર્મચારી રૂપે સફર કરવા તૈયાર થાય છે, ત્યાં તેનીમુલાકાત રાજશ્રી સાથે થાય છે, અને સરદાર અને મેહમુદની મિત્રતા થાય છે. રાજ અનેક દેશની યાત્રા આઠ ડોલરમાં કરે છે, અને રાજશ્રીનો પ્રેમ પણ જીતી લે છે, અને પ્રાણને પોલીસના હવાલે કરે છે. આ ૭૦ એમ એમ ફિલ્મ કોમેડી અને સંગીતથી ભરપૂર છે. આ ફિલ્મ માટે ૩૫ એમ એમ ની પ્રિન્ટ પણ તૈયાર કરવામાં આવી હતી, કારણ કે ૧૯૬૭ માં હજુ ભારતના મોટા ભાગના થિયેટરોમાં ૩૫ એમ એમ માં સ્કીન જ હતા. ફિલ્મ સફળ ના રહી. ફિલ્મ ના ગીતો આજે પણ યાદગાર છે. ખાસ ગત વર્ષે નિધન પામેલ શૈલેન્દ્રની કલમનું ગીત તેના હદયની વેદના બહાર લાવે છે, જેમ કે જોશે જવાની હાએ હાએ... દુનિયા ક મેલા, ફીર ભી અકેલા, કિતના અકેલા હું મે.. તેમણે જે ખોટ તીસરી કાસમમાં સહન કરેલ તે સમયે તેના અંગત મિત્ર રાજ કે શંકર જયકિશન કે તેના ભાઈ આ કોઈ મદદમાં આવ્યા ના હતા. આ વેદના તેમણે અહી રજૂ કરી છે.




ગુના હો કા દેવતા – જીતેન્દ્રની આ પેહલાની ફિલ્મોમાં ગીત ગાયા પથ્થરો ને, અને બુંદ જો બન ગઈ મોતી માં જીતેન્દ્રને એક સાદા યુવકરૂપે રજૂ કરાયા છે, પણ જીતેન્દ્ર એટલે કે રવિકપૂરએ જન્મથી અમીર પરિવાર માંથી આવતા ના હતા પણ, અને તે સમયના જે યુવાનો હતા તેમના માટે એક નવી પ્રેરણા લઈ આવવાની તેમની ઈચ્છા હતી. તે સમયના યુવકને અને ત્યારબાદ ૧૯૮૦ સુધીના યુવકોને નવી ફેશનના કપડાં અને બુટ કેમ પહેરવા તે જીતેન્દ્રએ શીખવ્યું છે. ૧૯૬૮ બાદ યુવતીઓ પણ જીતેન્દ્રની કપડાં પહેરવાની સ્ટાઈલ અને જમ્પિંગ જેપ ઈમેજ ની તરફ આકર્ષિત થઈ હતી. તે સમયના હીરો ડાન્સમાં પાવરધા ના હતા, શમ્મી તેની આગવી સ્ટાઈલ માટે પ્રચલિત હતા, જયારે ધર્મેંદ્ર કે સુનિલ દત કે મનોજ કુમાર ડાન્સ માં નિપુણ ના હતા. અને તે સમયે જીતેન્દ્ર તેની આગવી સ્ટાઈલ થી લોકપ્રિય થયા હતા. આજ ની ફિલ્મ માં આપણે જીતેન્દ્રને અલગ અલગ ફેશન ના કપડાં પહેરતા જોવા મળશે, અને થોડો ડાન્સ પણ તેમને કરવા નો મોકો અહી મળ્યો છે. ફિલ્મનું નિર્દેશન અને નિર્માણ દેવી શર્મા નું છે. સ્કીન પ્લે પણ તેમનું જ છે. ફિલ્મના ગીત શૈલેન્દ્ર અને હસરત જઈપૂરી ના છે, તો સંગીત શંકર જયકિશનનું છે, ફિલ્મના ગીત મુકેશ જી, રફી સાહેબ, શારદા, લતાજી, મન્ના ડે, ના સ્વરમાં છે. ફિલ્મમાં જીતેન્દ્ર, રાજશ્રી, લીલા ચિટનીસ, ટૂન ટૂન, જાનકી દાસ, અસિત સેન, અરૂણા ઈરાની, મેહમુદ અને જીવને અભિનય આપ્યો છે.

ફિલ્મની કહાની ટૂંકમાં જોઈએ તો, જીતેન્દ્ર એક સામાન્ય પરિવારથી યુવક છે, જે ગુનાહ ના રસ્તે ચાલી રહ્યો છે, ( તે સમયે જુગાર રમવું, સિગારેટ અને શરાબ પીવું તે ગુન્હો ગણાતો હતો, અને આજે યુવાનો ડ્રગ્સ સુધી પહોચ્યા છે, અને તેના નશામાં કેટલાય ગુનહા કરી રહ્યા છે, છતા, નિર્દોષ છૂટી પણ રહ્યા છે, કેટલી કડવી વાસ્તવિકતા છે ). ગામની યુવતી રાજશ્રી જે તેના મામા અને મામી સાથે રહે છે, તેની સાથે મહેમુદ અને જીવન લગ્ન કરવા માંગે છે, જીવન ગામનો અમીર વ્યક્તિ છે, પણ રાજશ્રી કરતાં વયમાં મોટો અને નાલાયક માણસની ગણના માં તે આવે છે. રાજશ્રી મેહમુદ કે જીવન સાથે લગ્ન કરવા માંગતી નથી, તે મનોમન જીતેન્દ્રને ચાહે છે, પણ જીતેન્દ્ર ની ખરાબ આદતોથી પરેશાન છે. રાજશ્રીની મામી રાજશ્રીના લગ્ન જીવન સાથે નક્કી કરે છે, પણ જીતેન્દ્ર ત્યાં પહોચી રાજશ્રી તેની પત્ની છે કહી લગ્ન રોકે છે, અને રાજશ્રીને ઘરે લાવે છે, રાજશ્રી જીતેન્દ્રને સાચા રસ્તે લાવવા માટે એમ કહે છે કે, તે કોઈ બીજાને પ્રેમ કરે છે, આ વાત થી જીતેન્દ્ર શરાબ અને વેશ્યા સુધી પહોચી જાય છે, રાજશ્રી તેને ત્યાં થી બહાર લાવે છે, અને શરાબના નશા થી મુક્ત કરે છે, પણ આ કામ કરતાં જીતેન્દ્ર સાથેના સંઘર્ષમાં તેની આંખોમાં ઈજા પહોચે છે, તે અંધ બની જાય છે, બીજી તરફ જીતેન્દ્રની બહેન પણ ગુજારી જાય છે, પણ અંતે એક ડોક્ટર કોઈ રકમ લીધા વગર રાજશ્રીની આંખો સારી કરે છે, અને જીતેન્દ્ર જીવનને પોલીસ હવાલે કરે છે, અને પોતે સચ્ચાઈના રસ્તે ચાલી રાજશ્રી સાથે નવું જીવન શરૂ કરે છે. ફિલ્મમાં મેહમુદની કોમેડી સારી છે, પણ તેમની કોમેડી માં અતિશયોક્તિ વધુ નજરે પડે છે. ફિલ્મના ગીતો તે સમયે થોડા પ્રચલિત થયા હતા. ફિલ્મ સફળના રહી. જીતેન્દ્ર ની એક સુપર હિટ ફિલ્મ આવશે, જે તેના જીવનની પ્રથમ સુપર હિટ ફિલ્મ બનશે. તેની વાત ટોપ ટેન ફિલ્મોમાં કરીશું. આગામી અંકમાં રાજ કપૂર અને રાજેન્દ્ર કુમારની ફિલ્મો સાથે મળીશું. આભાર. હિતેશ જોશી

# ॥ અમૃત કુંભ ભરી લાવું છું પ્રેમનો -૨ ॥

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

એક યુવાન મારી પાસે કોર્ટનો પત્ર લઈ આવ્યો છે. કોર્ટે મારો સંપર્ક કરવાનું કહ્યું છે. પેનલ -એડવોકેટ તરીકે તેમના તરફેણમાં કેઈસ લડવાનો છે. વકીલ તરીકે મારી યાત્રામાં ઘણા બનાવો ઘટના જોયા છે. વિશ્વના મહાન પુરૂષોની આત્મકથા જીવન કથા વાંચી છે.

દાખલા દ્રષ્ટાંતો ઘણા આપ્યા છે. સમાજમાં કેમ આવી ઘટનાઓ બને છે. ? ઉપાય શું છે.

લગ્ન વખતે કેવી સરસ કંકોતરી તૈયાર થાય છે. અનેક સુંદર શ્લોકો લખાય છે. હેત -પ્રેમનો ફુવારો ઉડે છે. પરંતુ માનવીનું મન, સ્વભાવ, વર્તન સફળ છે. ભગવાન કૃષ્ણ દુર્યોધનને સમજાવી શકયા ન હતા. બાંધછોડની હદ માત્ર પાંચ ગામ.. છતાં સમાધન શકય ન બન્યું.

વિરલ સુખી મા-બાપની દીકરી છે. વિરલ અભિમાની બની ગઈ હતી. સુખ-સંપતિ, હોય ત્યાં સહજ આવું બને વિરલ ખુબ રૂપાળી ખુબ પૈસાદારની પુત્રી પરણીને ઘરે આવી પતિ મોટી કંપનીમાં અધિકારી હતો. પરંતુ કંપની કોઈ કારણસર ભારે ખોટ ગઈ. વિજયને છુટો કર્યો. ધંધો શરૂ કર્યો પણ ધંધામાં ખોટ ગઈ. હવે વિરલ વિજયને પ્રેમ, હુંફ અને સાથ આપવાને બદલે કડવા વચનો કહેવા લાગી. ત્રેવડ ન હોય તો ધંધો ન કરાય. તમારામાં આવડત નથી વિજય ઘણું ભણ્યો હતો. સી.એ., એમ.બી.એ. પરંતુ સંજોગો સામે તેની બીજા ધંધામાં નિષ્ફળ ગઈ. વિરલની અપેક્ષા એટલી મોટી હતી કે વિજય તે પુરી કરવા અસમર્થ બન્યો હવે તો વિરલ વિવેક ભુલી સૌજન્ય ભુલી પતિ પ્રત્યે માન ભુલ અવારનવાર નિષ્ઠુર વાણીથી એકવાર વિજયની બહેનથી ન રહેવાયું ભાઈને કહયું.... તને ભાભી ઉપર ગુસ્સો નથી આવતો? મને ચીડ ચડે છ. કે તેને ઘરનો રસ્તો બતાવી દઉ...? વિજય શાંતિથી કહે છે. વિરલને મારી નિષ્ફળતાથી તે ગુસ્સામાં છે. તારૂ દુઃખ ગુસ્સારૂપે બોલે છે. વિરલ પણ આવીને કહે છે. વિજય તમે ગુસ્સે કેમ થતા નથી ? તમે ડેલ કોર્નગી વાતોની પી ગયા છો કે શું ? છુટાછેડા એ એક જ ઉપાય છે ? ના સમજુ તિ સમાધન....!

મેરેજ ઈઝ એકજેસ્ટ મેન્ટ

આપણા ઋષિ મુનીઓએ લગ્નની વ્યવસ્થા કરી છે. લગ્નના ફેરા ફરતી વખતે સુંદર શ્લોકો છે. એકબીજા પ્રત્ય અતુટ વિશ્વાસ, સમર્પણ અને પ્રેમની દિવ્યભાવનાથી એકબીજાના ગળ ામાં ફુલોનો હાર પહેરાવય છે... વિજયે વિરલને નજીક લઈ કહયું તારો ગુસ્સો પરિસિથતિને ઓળખી નથી, તેથી છે હું પરિસિથતિને જાણું છું. આ પણ પચાર થશે. ગુસ્સો ક્ષણિક છે. પ્રેમ શાશ્વત છે. હું તારો પ્રેમને જાણું છું. બે વ્યકિતના સંબંધમાં - ઘણું, ઘણું સહન કરવું, જતનું કરવા, સ્વીકારી લેવું પડતું હોય છે. આપણા જીવનમાં જે પત્રા મળે તેનો હૃદયથી, પ્રેમથી સ્વીકાર કરવો જોઈએ કહેવાય છે. કે મેરેજ મેઈડ ઈન હેવન, મને લાગે છે કે જેઓ કાવવામાં વિજય નિષ્ફળ ગયો. પરંતુ બુદ્ધિની પરિપકવતા સફળ થયો છે. જીવનમાં, દાંપત્ય જીવનમાં સંયમ, ધીરજ અને પ્રેમથી એકબીજાના દોષ, ગુણ સ્વીકારવા જોઈએ. સોફેટીસની પત્ની ઝેન્ચીપી, સબ્રાહમ તિંકન પોતે વકીલ હતા. પછી અમેરીકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા લિંકનને મિત્રોની હાજરીમાં ટી.બી. પેશન્ટ, ચાલતા નથી. આવડતું વગેરે વગેરે કડવા વચનોથી લિંકનનાં આત્માને હણી નાખ્યા હતા. પત્નીએ વૈશાલીના લગ્નને હજી બે મહિના થયા. પરંતુ સ્વર્ગ જેવું કંકાસને લીધે નરક બનાવી દીધું ખામીઓ શોધવી. ટીકા કરવી. એક બોલે બીજો ખંડન કરે.. તો શાંતિ કયાંથી રહે ? નિરાલીની દુનિયા જ નિરાળી છે. મધ્યમવર્ગના કુંટુંબમાં આનંદ - ઉત્સવ બારેમાસ લહેરાય છે. દરરોજ પતિને આવતો જોઈ હરખાય એવા શબ્દો બોલે છે. સાસુ -સસરા માંદા પડે તો ઉભા પગે સેવા કરે છે. રાતે પગ દાબવા જાય છે. દવા નિયમિત આપે છે. સાસુનો પડયો બોલ જિલે છે. કોઈપણ ને ઈર્ષ્યા થાય એવું સુંદર, પ્રેમનું વાતાવરણ છે. બહેનપણી પુછે છે. તેં શું જાદુ કર્યો કે તારા સાસુ તારા ખુબ વખાણ કરે છે. નિરાલી કહે છે કે મે કોઈ જાદુ કર્યો નથી. કુંટુંબને પ્રેમ કરીએ એટલે પ્રેમ મળે. તમે જેવું વાવો તેવું લણો હું તો મારા સાસુ સસરાને મારા સગા માબાપ જેવો જ પ્રેમ કરૂ છું. તેઓ પણ મારી સતત કાળજી રાખે છે. ચિંતા કરે છે. પ્રેમાળ વર હોય પ્રેમ ભર્યુ વર્તન હોય તો પછી કોઈ સમસ્યા ઉભી જ ન થાય મારા ઘરમાં મારી લાગણીની કદર થાય છે. કોઈ પણ મારા માટે મીઠડુ વર્તન કરે છે. બધાને મારા માટે અતિશય આદર છે. પછી શું જોઈએ મન થાય તયારે ટી.વી.જોઈએ ફરવા જઈએ. દિલની વાત સમજે સેવા ઘરના માણસો છે. પછી જિંદગીમાં શું જોઈએ પૈસા હોય તો મોટું ઘર બને પણ સુખ ન મળે સુખ માટે તો તમારે સમજદારીથી સર્મપણ ભાવથી સુખ ખરીદી શકો. મારૂ ઘર મારો પ્રેમ મારી લકઝરી મારો પ્રેમ - બસ...

# જન્માષ્ટમી પછીનું મનોમંથન : કૃષ્ણની પૂજા તો કરી, પણ એમનું જીવન જીવતાં કેટલું શીખ્યા

આપણે સૌએ હમણાં જ જન્માષ્ટમીનો પાવન મહોત્સવ ભારે ઉલ્લાસથી ઉજવ્યો. મધ્યરાત્રિએ આરતીઓ થઈ, ઝૂલા ઝુલાવ્યા, માખણ-મિશ્રીના ભોગ ધરાવ્યા અને 'નંદ ઘેર આનંદ ભયો'ના જયઘોષથી વાતાવરણ ગુંજી ઊઠયું. તહેવારો ઉજવવા જરૂરી છે, કારણ કે તે સમાજમાં ઉત્સાહ, આસ્થા અને સામૂહિક ઊર્જાનું સિંચન કરે છે. પરંતુ ઉત્સવનો ઉન્માદ શમ્યા પછી સોમવારની સવારે સામાન્ય માણસ જયારે વાસ્તવિક દુનિયાના સંઘર્ષો વચ્ચે ઊભો રહે છે, ત્યારે એક બહુ મોટો અને ગંભીર પ્રશ્ન અંતરમાં ઊઠવો જોઈએ: શું આપણે કૃષ્ણને માત્ર મંદિરના પૂજા - સ્થાન કે કેલેન્ડરના ચિત્ર પૂરતા સીમિત રાખ્યા છે, કે પછી એમના પ્રખર વ્યક્તિત્વમાંથી જીવન જીવવાની કોઈ વ્યવહારૂ કળ ા આપણા આચરણમાં ઉતારી છે?

ભગવાન શ્રીકૃષ્ણ માત્ર ચમત્કારો કરનારા પૌરાણિક દેવ નથી; તેઓ માનવ ઈતિહાસના સૌથી વ્યવહારૂ, સંકટ સમયના સર્વોચ્ચ વ્યૂહરચનાકાર (Ultimate Crisis Manager) અને જીવનને અખંડ રીતે જીવનારા મહામાનવ છે. તેમના સમગ્ર જીવનપથ પર એક નજર નાખો : તેમનો જન્મ કારાગારમાં થયો, જન્મતાની સાથે જ માતા - પિતાથી વિખૂટા પડવું પડયું, બાળપણમાં સતત જીવલેણ ષડયંત્રોનો સામનો કર્યો, યુવાનીમાં પ્રજાના રક્ષણ કાજે મથુરા છોડીને દરિયા કિનારે દ્વારકા વસાવવી પડી અને મહાભારતના ભીષણ યુદ્ધમાં પોતાના જ સ્વજનો સામે શસ્ત્ર વગર ઊભા રહેવું પડયું. આટલી વિષમતાઓ, સંઘર્ષો અને વિયોગ વચ્ચે પણ કૃષ્ણના ચહેરા પરની નિર્દોષ મુસ્કાન કયારેય અદશ્ય ન થઈ. વિષાદની વચ્ચે પણ અડીખમ અને પ્રફુલ્લિત રહેવું, એ જ કૃષ્ણત્વનું સૌથી મોટું રહસ્ય છે.

**કર્મયોગ:** પરિણામના ભારમાંથી મુક્ત થઈને ઉત્કૃષ્ટતા તરફ આજના આધુનિક યુગનું સૌથી મોટું સંકટ માનસિક તાણ, અધીરાઈ અને ભવિષ્યની સતત ચિંતા છે. માણસ કોઈ પ્રોજેકટ કે કામ શરૂ કરે તે પહેલાં જ એના નફા-નુકસાન, પ્રમોશન કે સમાજમાં મળનારી વાહવાહીની ગણતરીમાં અટવાઈ જાય છે. ધાર્યું પરિણામ ન મળે એટલે નિરાશા અને હતાશા તેને ઘેરી વળે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાનો શાશ્વત શ્લોક 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' કોઈ પલાયનવાદ કે ઉદાસીનતાનો સંદેશ નથી. આ વિધાન વાસ્તવમાં સર્વોચ્ચ કાર્યક્ષમતા (Peak Execution)નું મનોવિજ્ઞાન છે.

જયારે મન સતત પરિણામ કે ભવિષ્યની ચિંતામાં ભટકતું રહે છે, ત્યારે વર્તમાન કર્મની ગુણવત્તા બગડે છે.

જે ક્ષણે માણસ પરિણામના અહંકાર કે ભયમાંથી મુક્ત થઈને પોતાના કાર્યમાં સો ટકા ઊર્જા રોકે છે, ત્યારે ઉત્કૃષ્ટ પરિણામ આપમેળે સિદ્ધ થાય છે.

કૃષ્ણ અર્જુનને પરિણામનું વળગણ છોડીને ધનુષ્ય સાંધવાનું કહે છે. આજના પ્રોફેશનલ જગતમાં પણ ઉત્તમ એ જ બની શકે છે જે લક્ષ્ય પ્રત્યે સ્પષ્ટ રહીને દૈનિક પ્રક્રિયા (Process)ને શ્રેષ્ઠ બનાવે છે.

**સંબંધોનું વિજ્ઞાન : અહંકારશૂન્ય સમર્પણ અને મોહમુક્ત વિવેક**

આજના ભૌતિકવાદી યુગમાં સંબંધો મોટે ભાગે હોદ્દો, સ્ટેટસ અને સ્વાર્થની લેવડદેવડ પર ટકેલા જોવા મળ છે. આવા સમયે કૃષ્ણ અને સુદામાની મૈત્રી સાચા સંબંધોની ગરિમા સમજાવે છે. ત્રિલોકના સ્વામી અને દ્વારકાના રાજા હોવા છતાં, પોતાના દરબારમાં પગપાળા આવેલા ગરીબ સુદામાને ગળે લગાડવામાં અને તેમના ચરણપખાળવામાં કૃષ્ણને સહેજ પણ સંકોચ કે લઘુતાગ્રંથિ થતી નથી. સાચો સંબંધ હોદ્દા કે બેંક બેલેન્સ જોઈને નથી બંધાતો, પણ હૃદયની શુદ્ધતાથી ટકે છે.

બીજી બાજુ, જયારે ન્યાય, નીતિ અને ધર્મની રક્ષાનો પ્રશ્ન આવ્યો, ત્યારે કૃષ્ણે પોતાના જ વડીલો પિતામહ ભીષ્મ કે ગુરૂ દ્રોણ સામે પણ અર્જુનને શસ્ત્ર ઉઠાવવાનો સ્પષ્ટ આદેશ આપ્યો. સંબંધોમાં લાગણી અને આદર ચોક્કસ હોવો જોઈએ, પરંતુ જયારે સિદ્ધાંત અને નૈતિકતાની વાત આવે ત્યારે અંધ મોહ કે પક્ષપાત ન હોવો જોઈએ. લાગણી અને કર્તવ્ય વચ્ચેનો આ સુવર્ણ સંતુલન જ કૃષ્ણનો વિવેક છે.

**પરિસ્થિતિ મુજબ પરિવર્તનઃ જડતા નહીં, વ્યવહારિકતા**

કૃષ્ણ ક્યારેય બંધિયાર નિયમોના ગુલામ નહોતા બન્યા. સમય અને પ્રજાના હિત ખાતર તેમણે મથુરા છોડવાનો નિર્ણય લીધો, જેના કારણે દુનિયાએ તેમને 'રણછોડ'નું મહેણું પણ માર્યું. પરંતુ તેઓ લોકનિંદાથી ડર્યા વગર સમાજના કલ્યાણ માટે અડગ રહ્યા.

મહાભારતના યુદ્ધમાં પણ તેમણે સામે પક્ષે અધર્મથી લડતા કેરવોને હરાવવા માટે યોગ્ય વ્યૂહરચનાઓ ગોઠવી. સિદ્ધાંતોનું પાલન કરતી વખતે સમય, સ્થાન અને પરિસ્થિતિ મુજબ પોતાની કાર્યશૈલીમાં પરિવર્તન લાવવું (Agility & Adaptability) એ સાચા નેતૃત્વની નિશાની છે,જડતાની નહીં.

**આજના જીવનમાં કૃષ્ણત્વ ઉતારવાના ૪ પ્રાયોગિક મંત્રો:** સંકટ વચ્ચે સ્થિરતા (Emotional Stability ): વ્યવસાય કે અંગત જીવનમાં વિપરીત પરિસ્થિતિ આવે ત્યારે ગભરાટ કે ક્રોધ કરવાને બદલે મગજને શાંત રાખો. સ્થિર મન જ સેથી જટિલ સમસ્યાનો ઉકેલ શોધી શકે છે.

પ્રક્રિયા પ્રત્યે વફાદારી: પરિણામ તમારી અપેક્ષા મુજબ ન પણ આવે, પણ જો તમારી મહેનત અને પ્રક્રિયા પ્રમાણિક હશે તો તમે ક્યારેય પરાજિત નહીં થાઓ.

સત્તા અને પદમાં વિનમ્રતા (Servant Leadership): સર્વસમર્થ હોવા છતાં કૃષ્ણ અર્જુનના રથના સારથિ બન્યા અને ઘોડાઓની માવજત પણ કરી. પદ ભલે ગમે તેટલું ઊંચું હોય, કામ પ્રત્યેની વિનમ્રતા જ વ્યક્તિને સાચા અર્થમાં મહાન બનાવે છે.

**ધર્મ અને નૈતિકતાનો પક્ષ :** અંગત લાભ માટે ખોટા માણસો કે ખોટી પદ્ધતિઓનો સાથ ન આપો. સત્યના માર્ગે સંઘર્ષ લાંબો હોઈ શકે છે, પણ અંતિમ વિજય હંમેશા નૈતિકતાનો જ થાય છે. કૃષ્ણને માત્ર પૂજાના ઓરડામાં અગરબત્તી ધરીને વંદન કરવા પૂરતા સીમિત ન રાખો. એમના વિવેક, હિંમત અને કર્મયોગને તમારા નિર્ણય લેવાની પ્રક્રિયામાં ઉતારો.

'મંદિરમાં શીશ નમાવવાથી માત્ર આસ્થા સંતોષાય, પણ કૃષ્ણના વિવેકને આચરણમાં ઉતારો, ત્યારે જ જીવનનું કુરૂક્ષેત્ર જીતાય !

આ રવિવારે, ઉત્સવની ઔપચારિકતામાંથી આગળ વધીને, પોતાના અંતરમાં રહેલા કૃષ્ણ જેવા સાચા કર્મયોગી અને નિર્ભય માર્ગદર્શકને જગાડવાનો સંકલ્પ કરીએ.

# અમરેલી જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિન નિમિત્તે ''સેવા સંકલ્પ અભિયાન'' હેઠળ રક્તદાન કેમ્પ યોજાયો



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ૨૫ વર્ષની જનસેવાને બિરદાવવા તા. ૧૭ સપ્ટેમ્બરથી ''સેવા સંકલ્પ અભિયાન'' નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે આજે ''સેવા મારૂ યોગદાન'' અંતર્ગત અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિવસ નિમિત્તે અમરેલી જિલ્લાનાં તમામ તાલુકાઓમાં તાલુકાકક્ષાનાં રક્તદાન કેમ્પનું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ કેમ્પમાં જિલ્લાનાં નાગરિકો અને રક્તદાતાઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના પરિણામે સમગ્ર જિલ્લામાંથી કુલ ૩૩૬ યુનિટ જેટલું રક્ત એકત્રિત કરવામાં આવ્યું છે. આ એકત્રિત થયેલું લોહી આગામી સમયમાં જરૂરિયાતમંદ દર્દીઓ તેમજ ઈમરજન્સી સેવાઓ માટે ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે. આ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તાલુકાવાર થયેલા રક્ત કલેકશનની વિગતો મુજબ, જાફરાબાદ તાલુકાના બંદર જેટી (પીપળી કાંઠા) ખાતે રક્તદાતાઓના ભારે ઉત્સાહ વચ્ચે સૌથી વધુ ૧૦૪ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. જયારે બાબરા તાલુકામાં પી.એચ.સી, મોટા દેવળિયા ખાતે ૩૭ યુનિટ અને સી.એચ.સી, બાબરા ખાતે ૩૨ યુનિટ મળીને કુલ ૬૯ યુનિટ, તેમજ અમરેલી તાલુકામાં પી.એચ.સી વાંકીયા ખાતે ૧૫ યુનિટ રક્તનું કલેકશન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, કુંકાવાવ સી.એચ.સી ખાતે ૩૧ યુનિટ, બગસરાનાં સ્વામીનારાયણ મંદિર (કુંકાવાવ રોડ) ખાતે ૨૨ યુનિટ, એસ.ડી.એચ રાજુલા ખાતે ૫૧ યુનિટ તેમજ સાવરકુંડલાની કે.કે. મહેતા હોસ્પિટલ (જૂના બસસ્ટેન્ડ પાસે) ખાતે ૩૩ યુનિટ રક્ત એકત્રિત કરાયું હતું. આ સાથે જ ધારી તાલુકાના દિતલા ખાતે બપોર પછીનાં સેશનમાં પણ રક્તદાનની પ્રક્રિયા સુચારૂ રૂપે હાથ ધરવામાં આવી હતી. માનવ શરીરની અંદર વહેતું લોહી એવું તત્વ છે જે કુત્રિમ રીતે કોઈ ફેકટરી કે લેબોરેટરીમાં બનાવી શકાતું નથી. અકસ્માત, સર્જરી, પ્રસૂતિ સમયની જટિલતાઓ અથવા થેલેસેમિયા અને કેન્સર જેવા ગંભીર રોગોથી પીડાતા દર્દીઓનો જીવ બચાવવા માટે માત્ર અને માત્ર અન્ય માનવી દ્વારા કરાયેલું રક્તદાન જ એકમાત્ર વિકલ્પ છે. વિજ્ઞાન અનુસાર, એક સ્વસ્થ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું રક્તદાન માત્ર ત્રણ મહિનામાં શરીરમાં કુદરતી રીતે પુનઃ નિર્મિત થઈ જાય છે અને તેનાથી સ્વાસ્થ્યને કોઈ નુકસાન થતું નથી, પરંતુ તેનાથી કોઈના અમૂલ્ય જીવનને નવજીવન ચોક્કસ મળી શકે છે. તેથી જ રક્તદાનને સર્વશ્રેષ્ઠ અને મહાદાન માનવામાં આવે છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી તાલુકા સહકારી ખરીદ

ન હતી જેથી અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘનું સમગ્ર બોર્ડ બીન–હરીફ જાહેર થયેલ છે.

આ સંસ્થા છેલ્લા ૩૦ વર્ષથી સ્વ. મોહનભાઈ નાકરાણીનાં નેતૃત્વમાં અને માર્ગદર્શન નીચે નફો કરતી આવતી હતી તે જ પ્રણાલીકા પ્રમાણે જયેશભાઈ નાકરાણીનાં સંચાલનમાં સંસ્થાએ પ્રગતિ કરેલ છે અને ૩૦ વર્ષથી ૧૫ ટકા પ્રમાણે સહકારી મંડળીઓને ડિવીડન્ડ વેંચવવામાં આવે છે. તેમજ સંસ્થાને ઓડીટ વર્ગ–'અ' મેળવી સતત પ્રગતિ કરેલ છે.

દલસુખભાઈ કાનજીભાઈ દુધાત તેમજ અન્ય ડિરેકટરઓનો સજજડ સાથ અને સહકાર અને ટેકો હોય, સંસ્થાની પ્રગતિમાં ઉત્તરોત્તર વધારો થતો રહયો છે તેમજ સંસ્થાનાં ડિરેકટરઓ પણ સંસ્થાનાં વિકાસમાં સમયના ભોગે અમુલ્ય ફાળો અમરેલી તાલુકા સંઘમાં આપી સંસ્થાને ખમતીધર અને મજબુત બનાવી ખેડુતોનાં હામી તરીકે રાસાયણીક ખાતરની તંગી વખતે પડખે ઉભા રહીને વધુમાં વધુ ખાતરો મંગાવીને ખેડુતોની જરૂરીયાત પુરી પાડેલ છે.

સંસ્થામાં જયેશભાઈ નાકરાણીની ભાજપ પ્રેરીત પેનલ સાથે દલસુખભાઈ દુધાત, જયંતિભાઈ ચકરાણી, દેવેન્દ્રભાઈ પાદરીયા, બટુકભાઈ ખુંટ, હિંમતભાઈ ગજેરા, રમેશભાઈ કોટડીયા, હસમુખભાઈ નાકરાણી, વિનુભાઈ નાકરાણી, ભુપતભાઈ હપાણી, દિનેશભાઈ તારપરા, દલપતભાઈ કીકાણી, યોગેશભાઈ સોજીત્રા, ભાવિનભાઈ લાખાણી, જગદીશભાઈ દેસાઈ, ચેતનભાઈ ગજેરા તથા પ્રમોદભાઈ લુણાગરીયા એટલે કે સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટરર્સ બીનહરીફ ચૂંટાયેલ જાહેર થયેલ છે, જયેશભાઈ નાકરાણીને સહકાર શીરોમણી અને સહકારી જગતના ભીષ્મ પિતામહ સમાન દિલીપભાઈ સંઘાણી તેમજ અમરેલીનાં યુવાન ધારાસભ્ય અને રાજયનાં ઉર્જા મંત્રી કૌશીકભાઈ વેકરીયા તેમજ નવા માર્કેટયાર્ડનાં સ્વપ્ન દ્રષ્ટા તથા પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, આમ તમામનો સંપૂર્ણ સાથ સહકાર અને હુંફ હોય, જેથી જયેશભાઈ મોહનભાઈ નાકરાણીની પેનલનો દબદબો યથાવત જળવાય રહેલ છે. આ સંસ્થામાં અગાઉનાં પ્રમુખોનું પણ ઘણુ મોટુ યોગદાન રહેલ છે. જેમાં સહકારી સંસ્થાનાં કાયદાનાં કુશળ એવા સંસ્થાના પુર્વ પ્રમુખ સ્વ. મોહનભાઈ નાકરાણીનાં સમયમાં સંસ્થાએ ખુબ જ પ્રગતિના શિખર ઉપર સર કરેલ હતા. ત્યારબાદ જયેશભાઈ નાકરાણી અને દલસુખભાઈ દુધાત હાલનાં સમયમાં આ સંસ્થામાં ખેડુતોનાં હિતલક્ષી નિર્ણયો લઈને ગુજરાત રાજય સહકારી સંઘ દ્વારા વર્ષ : ૨૦૨૩–૨૪માં પ્રભાવિક એવોર્ડમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. જેમાં તેની સાથે સમસ્ત સહકારી ટીમને સાથે રાખીને ખુબ જ પ્રગતિના શીખરો સર કરેલ છે. તેમ સંસ્થાનાં એમ.ડી. વિઠલભાઈ તારપરા તથા મેનેજર પ્રશાંતભાઈ નાકરાણીની યાદી જણાવે છે.

### ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં પ્રયાસોથી

# લીલીયા–લાઠી માર્ગ માટે રૂા. ૩૦ કરોડની માતબર રકમ મંજૂર

### માર્ગનાં નવિનીકરણથી આમ જનતાને મોટી રાહત મળશે

લીલીયા, તા. ૧૯

લીલીયા અને લાઠી વિસ્તારના સ્થાનિક નાગરિકો તેમજ વાહન ચાલકોની વર્ષો જૂની માંગણીનો આખરે સુખદ અંત આવ્યો છે. લીલીયા મતવિસ્તારનાં લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં સઘન પ્રયાસોનાં પરિણામે ગુજરાત સરકાર દ્વારા લીલીયા–લાઠી માર્ગનાં વિકાસ અને નવીનીકરણ માટે રૂા. ૩૦ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે.

આ માર્ગ માત્ર બે તાલુકાઓને જ નહીં, પરંતુ ભાવનગર અને રાજકોટ જેવા રાજયનાં મુખ્ય શહેરોને પણ જોડતો અત્યંત મહત્વપૂર્ણ રસ્તો હોવાથી, તેના નવીનીકરણથી આમ જનતા, વેપારીઓ અને વાહનચાલકોને અવરજવરમાં ભારે સાનુકૂળતા રહેશે. માર્ગ સુધરવાથી વાહનવ્યવહાર ઝડપી, સુરક્ષિત અને સરળ બનશે, જેનાથી સમગ્ર વિસ્તારના આર્થિક અને સામાજિક વિકાસને પણ નવી ગતિ મળશે.

રૂા. ૩૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવા બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગુજરાતના મૃદુ અને દ્રઢ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સમગ્ર વિસ્તારની જનતા વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ''પ્રજાલક્ષી કાર્યો માટે રાજય સરકાર હંમેશાં કટિબદ્ધ છે અને આ માર્ગ બનવાથી પ્રદેશનાં વિકાસને નવી ઊંચાઈ મળશે.''

લીલીયા–લાઠી માર્ગ મંજૂર થવાના આ નિર્ણયને આવકારીને જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી સહિતનાં સ્થાનિક હોદ્દેદારો તેમજ ભાજપ કાર્યકરોએ પણ આનંદ અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી અને પ્રજાહિતનાં આ નિર્ણય બદલ રાજય સરકાર તેમજ ધારાસભ્યનો આભાર આ તકે માન્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં જાળીયા–કેરાળા માર્ગ ઉપરથી

હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે ગાડીમાંથી ૧૮૦ મીલીની ૪૩૪ બોટલ મેકિસમસ પોલેન્સ પ્રાઈડ પ્રીમિયમ કલેકશન રિઝર્વ વ્હિસ્કી કબ્જે કરી હતી જેની કિંમત રૂા. ૭૪,૨૧૪ થાય છે. ઉપરાંત રૂા. ૧.૫૦ લાખની તુફાન ગાડી અને રૂા. ૫ હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૨,૨૯,૨૧૪નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

આ મામલે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના મોટા ઉમર ગામના બાકેશભાઈ માંગુભાઈ બામણિયાને ઝડપી લેવામાં આવ્યો છે. જયારે વકીલ બાંગડિયાને પકડવાનો બાકી હોવાનું જાણવા મળ્યું છે.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

### જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ થયેલા પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ લવાશે

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને અને ધારી–બગસરા–ખાંભા મત વિસ્તારનાં ધારાસભ્ય જે.વી. કાકડિયા તથા લાઠી–બાબરા મત વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે સપ્ટેમ્બર મહિનાની જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટરએ ધારાસભ્યઓ દ્વારા રજૂ થયેલા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં અગાઉ રજૂ થયેલા પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ લાવવા માટે સંબંધિત વિભાગોને જરૂરી સુચના આપીને જરૂરી કાર્યવાહી કરવા પર ભાર મૂકયો હતો.

ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા ધારી સિટી વિસ્તારમાંથી પસાર થતા સ્ટેટસ હાઈવે પરના ટ્રાફિકનું નિવારણ, નિર્માણાધીન માર્ગોની કામગીરી ઝડપી પૂર્ણ કરવા, ધારી–બગસરા–ખાંભા વિસ્તારમાં સ્પોટર્સ સંકુલ નિર્માણ માટેના સૂચન બાદ થયેલી કામગીરીની પ્રગતિ અંગે, ચોમાસાને ધ્યાને લઈને ખેડૂતોને વાયર ફેન્સિંગ કામગીરી માટે મુદતમાં વધારો કરી આપવા સહિતના પ્રશ્નો બેઠકમાં રજૂ કરવામાં આવ્યા હતા.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા જમીન માપણી અને જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર દ્વારા પણ જનહિતના વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.

વધુમાં જિલ્લા કલેકટરે ખેડૂતોને રાસાયણિક ખાતર અને અન્ય જરૂરી પુરવઠાનો નિયમિત પ્રવાહ મળતો રહે તે માટે જરૂરી દિશા–નિર્દેશ આપ્યા હતા. સાથોસાથ જનપ્રતિનિધિઓના પ્રશ્નોનું આંતરિક સંકલનથી હકારાત્મક ઉકેલ લાવવા માટે સંબંધિત વિભાગો સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની પણ બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા માસિક વિતરણ અંગેની માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, નિવાસી અધિક કલેકટર એ.એ. ડોડિયા, સર્વે પ્રાંત અધિકારીઓ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનુ કે, અમરેલી નાગરીક બેંક દ્વારા તા. ૧૫/૦૯/૨૦૨૬ના રોજ અમરેલી એકસપ્રેસ દૈનીક મા અમરેલી મુકામે આવેલ અમારી મિલ્કત સુખનાથ પરા શેરી નં. ૭માં રે.સ.નં. ૯૪/૧ પૈકિ પ્લોટ નં. ૧૭ વાળુ મકાન કે, જેનુ માપ ૩૩૬.૧૮ ચો.મી છે. તે મકાનની ગેરકાયદેસર રીતે હરરાજી કરવાની જાહેર નોટિસ તેઓએ પ્રસિદ્ધ કરેલ છે.

જે બાબતે જણાવવાનું કે, આ મિલ્કત અન્વયે નીચેમુજબ ના કેસો ચાલી રહેલ છે. (૧) નેગોશીએબલ કેસ (૨) સરફેસી કેસ (૩) લેંડગ્રેબિંગ કેસ (૪) લેંડગ્રેબિંગ ઈકવાઈરી જે અમરેલી સેશંસ કાર્ટ મા ચાલુ છે. જેની મુદ્દત તારીખ ૧૫/૧૦/૨૦૨૬ છે. (૫) સેશંસ કેસ ઈકવાઈરી (૬) હાઈકોર્ટ મા થનાર કેસો, અપિલો વિગેરે છે. અમારી લોન રૂા. ૧૦,૦૦,૦૦૦/–ની હતી તેમાં અમોએ ઘણી રકમ ભરી પણ આપેલ છે. બેંકની જુજ રકમ બાકી છે.

અમારા મકાનની કિંમત રૂા. ૩,૫૦,૦૦,૦૦૦/– (ત્રણ કરોડ પચાસ લાખ) છે. આથી મકાન વેચવાની જાહેરાત ગેરકાયદેસર અને વાંધાજનક છે. આ લોન ખાતામા બેંકે અમારી મંજુરી વગર ખોટી રકમ ડેબીટ કરેલ છે. એનપીએ નો કોઈ નિયમ પાળેલ નથી. આ બાબતે અમોએ બેંક ને ૧૩(૩એ) મુજબ વાંધા અરજીઓ આપેલ છે. જેનો નિકાલ બાકી છે. તેથી કોઈપણ વ્યકિત ઈસમ કે પાર્ટીએ સદર મિલ્કતની હરરાજીમાં ભાગ લેવો નહી કે, ખરીદ કરવી નહી જો કોઈ ખરીદ કરશે તો, તેની સમપુર્ણ જવાબદારી ખરીદ કરનાર ની રહેશે, અને અમારી કાનૂની કાર્યવાહીને આધીન રહેશે. જેની ખાસ તથા ગભીર નોંધ લેવા વિનંતી છે. આ મિલ્કત પ્રથમથી આજ સુધી અમારા કબ્જામાં જ છે. જેની નોંધ લેશો.

તે અમારા અસીલની સુચનાથી

તારીખ : ૧૯/૦૯/૨૦૨૬
સ્થળ : અમરેલી
ઠે.૧/અમૃતધારા સોસાયટી ચક્કરગઢ રોડ, પટેલ સંકુલ સામે, અમરેલી

રામભાઈ બી. કમાણી
એડવોકેટ–અમરેલી
મો. ૯૮૭૯૫ ૭૨૫૫૨


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૮૭૦ | ૧૩૧૫ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૨૦૦૫ |
| ૩ | તલ સફેદ | ૧૨૬૫ | ૨૫૮૦ |
| ૪ | તલ કાળા | ૨૧૫૦ | ૩૫૭૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૨૪૭૦ | ૨૪૭૦ |
| ૬ | બાજરો | ૩૯૦ | ૪૪૦ |
| ૭ | જુવાર | ૧૨૫૦ | ૧૨૯૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૯૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૮૫ |
| ૧૦ | મગ | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૨૯૫ |
| ૧૨ | સફેદ ચણા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ૧૩ | ચોળી | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ૧૪ | તુવેર | ૧૨૪૦ | ૧૫૩૦ |
| ૧૫ | કપાસ | ૯૩૦ | ૨૦૧૫ |
| ૧૬ | એરંડા | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૧૭ | જીરૂ | ૧૯૦૦ | ૪૦૦૦ |
| ૧૮ | ધાણી | ૨૪૦૦ | ૨૯૫૦ |
| ૧૯ | અજમા | ૨૦૦૦ | ૨૨૩૦ |
| ૨૦ | સોયાબીન | ૧૧૦૦ | ૧૧૨૫ |
| ૨૧ | રજકાનું બી | ૩૩૦૦ | ૮૬૯૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૧૦ | ૨૦૨૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| ૩ | જીરૂ | ૩૩૪૦ | ૪૦૫૦ |
| ૪ | ચણા | ૧૧૯૦ | ૧૨૫૧ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૫૪૩ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૮૧ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૩૬ |
| ૩ | તલ કાળા | ૨૭૦૦ | ૩૬૫૧ |
| ૪ | જીરૂ | ૩૮૦૦ | ૪૦૦૦ |
| ૫ | કપાસ | ૧૭૫૦ | ૨૦૧૧ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૯૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૮૫ |
| ૯ | મગ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૧૦ | ચણા | ૧૧૦૦ | ૧૨૫૫ |
| ૧૧ | તુવેર | ૧૩૦૦ | ૧૫૭૬ |
| ૧૨ | સોયાબીન | – | ૧૨૨૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ બી ગ્રેડ | ૧૫૭૦ | ૧૭૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૧૦ |
| ૩ | તલ | ૨૪૬૦ | ૨૪૬૦ |
| ૪ | કલોંજી | ૩૭૭૫ | ૩૭૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૨૦૨૪ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૪૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૩૯ | ૫૭૪ |
| ૫ | તલ સફેદ | ૧૭૬૫ | ૨૧૮૦ |
| ૬ | ચણા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૭ | સોયાબીન | ૧૧૧૦ | ૧૧૧૫ |
| ૮ | ધાણા | ૧૪૯૦ | ૨૭૦૦ |
| ૯ | તલ કાળા | ૧૯૫૦ | ૧૯૫૦ |
| ૧૦ | તુવેર | ૧૧૦૦ | ૧૪૦૬ |
| ૧૧ | મગ | ૧૪૦૫ | ૧૪૦૫ |
| ૧૨ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | એરંડી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | જુવાર | ૬૪૦ | ૬૪૦ |
| ૧૫ | મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| ૧૬ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૬૦ |
| ૨ | તલ કાળા | ૨૫૦૦ | ૩૬૫૧ |
| ૩ | કપાસ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| ૪ | બાજરો | ૪૩૦ | ૫૧૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૧૫ |
| ૬ | જુવાર | ૭૫૧ | ૧૬૫૫ |
| ૭ | મગ | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ૮ | ચણા | ૧૧૦૦ | ૧૩૮૬ |
| ૯ | જીરૂ | ૩૮૦૧ | ૩૮૦૧ |

### નેપાળની પુર હોનારતમાં સંપર્ક વિહોણા થયા બાદ

# જાફરાબાદનાં ખંઢેરા હનુમાનજી મંદિરના મહંત પૂ. ગોમતીદાસ બાપુ હેમખેમ પરત ફરતા સ્વાગત

### સમગ્ર પંથકનાં ભક્તજનોમાં ખુશીનો માહોલ





અમરેલી, તા. ૧૯

નેપાળમાં થોડા સમય પૂર્વે સર્જાયેલી પૂર હોનારત દરમિયાન સંપર્ક વિહોણા થયેલા જાફરાબાદના ખંઢેરા હનુમાનજી મંદિરના મહંત ગોમતીદાસ બાપુ હેમખેમ વતન પરત ફરતાં ભક્તોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. લાંબા સમયથી મહંતનો સંપર્ક ન થતાં સેવકગણ તથા ભક્તોમાં ચિંતાનો માહોલ છવાયો હતો.દરમિયાન તેઓ સુરક્ષિત રીતે જાફરાબાદ પરત ફરતાં મંદિર પરિસરમાં હર્ષની લાગણીઓ સાથે તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

મળતી વિગતો મુજબ, ખંઢેરા હનુમાનજી મંદિરના મહંત કમત્રપ્રસાદ બાબુલાલ ઉર્ફે ગોમતીદાસ બાપુ તા.૧૦ ના રોજ સાધુ સમાજના સંતો સાથે અયોધ્યાથી નેપાળની યાત્રાએ ગયા હતા. નેપાળમાં પૂર હોનારત સર્જાયા બાદ ગોમતીદાસ બાપુનો સંપર્ક ન થતાં તેમના સેવકો અને ભક્તોમાં ચિંતા વ્યાપી હતી. એટલું જ નહીં, લાપતા લોકોની સત્તાવાર યાદીમાં પણ ગોમતીદાસ બાપુનું નામ ૨૦મા ક્રમે હોવાના અહેવાલને પગલે ચિંતામાં વધુ વધારો થયો હતો.

નેપાળમાં યાત્રા દરમિયાન સંપર્ક વિહોણા થયેલા ગોમતીદાસ બાપુ આખરે સુરક્ષિત રીતે વતન પરત ફરતાં ભક્તોએ રાહતનો શ્વાસ લીધો હતો. મહંતના આગમનની જાણ થતાં જ સેવકો અને ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. ઢોલના તાલે ગોમતીદાસ બાપુનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું અને ભક્તોએ હર્ષભેર તેમનું અભિવાદન કર્યુ હતું.

લાંબા સમયથી મહંતનો સંપર્ક ન થતાં પરિવારજનો, સેવકગણ અને ભક્તોમાં ચિંતાની લાગણી જોવા મળી હતી. જો કે, ગોમતીદાસ બાપુ હેમખેમ પરત ફરતાં તમામની ચિંતા દૂર થઈ હતી અને ખંઢેરા હનુમાનજી મંદિર ખાતે આનંદનો માહોલ છવાયો હતો. નેપાળની યાત્રા પૂર્ણ કરી જાફરાબાદ પરત આવેલા મહંતનું ભક્તો દ્વારા ભવ્ય સ્વાગત કરી રાહત અને આનંદની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

---

### ‘વિકસિત ભારત ૨૦૪૭ : સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત

# બાબરાનાં લુણકી પ્રાથમિક શાળામાં ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ

### સ્પર્ધામાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

લુણકી પ્રાથમિક શાળામાં તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ‘વિકસિત ભારત ૨૦૪૭ : સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬’ અંતર્ગત ચિત્ર તથા વકતૃત્વ સ્પર્ધાના ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપપ્રમુખ જિલ્લા ભાજપ અમરેલી જયાબેનગેલાણી, તાલુકા પંચાયત બાબરાની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કિરીટભાઈ બગડા, અનુસૂચિત જાતિ મોરચા બાબરા તાલુકાના મહામંત્રી અનિલભાઈ બગડા, લુણકી ગ્રામ પંચાયતના સરપંચ પરેશભાઈ કથીરિયા, લુણકીના આગેવાન મધુભાઈ ગેલાણી તેમજ લુણકી પ્રાથમિક શાળાના આચાર્ય વિજયભાઈ પટેલ સહિત શાળાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ચિત્ર તથા વકતૃત્વ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે પ્રમાણપત્રો અને ઈનામો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, અભિવ્યક્તિ કૌશલ્ય અને પ્રતિભાને બિરદાવી ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય તથા સ્ટાફના માર્ગદર્શન અને સહયોગથી સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો.

---

# અમરેલી ખાતે જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર યોજાયો



અમરેલી, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે ગુજરાત સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગુજકોસ્ટ .ડી.એસ.ટી.ગર્વમેન્ટ ઓફ ગુજરાત અને નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ, મીનીસ્ટ્રી ઓફ કલ્ચર, ભારત સરકાના સંયુકત ઉપક્રમે, ડી.ઈ.ઓ.મનોહરસિંહ ગોહીલ તથા ડી.પી.ઈ.ઓ. કે.વી.મીયાણીના માર્ગદર્શન તળે જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમીનાર તા.૧૭મી સપ્ટેમ્બરના રોજ ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન, અમરેલી ખાતે સંસ્થાના વાઈસ ચેરમેન ઉદયનભાઈ ત્રિવેદી, સેકરેટરી મનિષભાઈ દવે એવમ એડવાઈઝર સંજયભાઈ રામાણી, વિષય જ્ઞાતા પ્રો. ડો. એમ. કે. ગોંડલીયા, પ્રો. ડો. વી.એન. પટોળીયા, પ્રો. ડો. જી.બી. વાઢેરની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ જિલ્લાની વિવિધ શાળાઓના આચાર્યઓ, શિક્ષકોની પ્રેરક હાજરીમા દિપોત્સવી ઉત્સવ સરીખા ડીસ્ટ્રીકટ લેવલ નેશનલ સાયન્સ સેમીનાર પ્રારંભ કરવામાં આવ્યો હતો.

અધ્યક્ષ પદેથી ડી.ઈ.ઓ.એ સહભાગી વિદ્યાર્થીઓ અને શિક્ષકોની બહોળી સંખ્યામાં ઉપસ્થિતિ બદલ તેઓના સંશોધનાત્મક કાર્યને બીરદાવતા રાષ્ટ્ર સેવાના નવા સંશોધનોને વેગ પ્રદાન કરવા વિદ્યાર્થીઓમા રહેલ સુશુપ્ત શકિતઓને પ્રજ્જવલિત કરવા અનુરોધ કર્યો. ભારતીય ઉર્જા બાસ્કેટ–૨૦૪૭, સંભાવનાઓ અને પડકારો વિષય ઉપર જિલ્લાના વિદ્યાર્થીઓએ પોતાના મૌલીકતાસભર પ્રેજન્ટેશન ધ્વાર ૨૦૪૭ના ભારતના ઉર્જા ક્ષેત્રના વિવિધ પ્રકલ્પોને સાકાર કરવા આહવાન કર્યુ.

વિષય તજજ્ઞ તરીકે ડો. એમ. કે. ગોંડલીયા, ડો. વી.એન. પટોળીયા અને ડો. જી.બી. વાઢેર વિદ્યાર્થીઓના સુંદર પ્રદર્શ બદલ અભિનંદન પાઠવ્યા.

જિલ્લા કક્ષાએ સાયન્સ સેમીનારમા પ્રથમ ક્રમે પ્રીન્સ મકવાણા, જે.વી.મોદી હાઈસ્કુલ સા.કુંડલા, ધ્વિતિય ક્રમે ખીમાણી ખંજન, ખજુરી પ્રાથમિક શાળા અને તૃતિય ક્રમે રોનક હેરમા, ડો. કલામ ઈનોવેટીવ સ્કુલ, વરસડાના વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ જેમાથી ક્રમ–૧ અને ૨ ના બન્ને પસંદગી પામેલ વિદ્યાર્થીઓ રાજયકક્ષાના નેશનલ સાયન્સ સેમીનારમા અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

વિજેતા વિદ્યાર્થીઓને મોમેન્ટો, સર્ટીફીટ તથા સહભાગી તમામ વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ ધ્વારા સન્માનિત કરવામાં આવ્યા.

---

# અમરેલીમાં સીનિયર સિટીઝન સોસાયટીની માસિક બેઠક યોજાઈ



અમરેલી, તા. ૧૯


અમરેલી સીનિયર સોસાયટી દ્વારા દર માસે વિવિધલક્ષી કાર્યક્રમોનું આયોજન થાયછે.આ માસ ની મીટીંગ તા. ૧૩/૯/૨૦૨૬ ના રોજ મળેલ હતી. કાર્યક્રમ ની શરૂઆત પ્રાર્થના થી કરવામાં આવી સ્વાગત પ્રવચન ભારતીબેન પંડયા દ્વારા કરવામાં આવ્યુ. ત્યાર બાદ આ માસમાં જેઓના જન્મદિન અને લગ્ન દિન હોય તેઓને પુષ્પગુચ્છ અને શુભેચ્છા પત્ર દ્વારા સંમાનીત કરવામાં આવ્યા ત્યારબાદ આ માસના ભોજનના સ્પોંસર વડિલો ઉષાબેન સંપટ, ગીતાબેન દવે, શારદાબેન મકવાણા, ઈંદુબેન સોલંકી, હસુભાઈ વ્યાસ, રશ્મીનભાઈ ત્રીવેદી નું પુષ્પગુચ્છ થી અભિવાદન કરવામાં આવ્યુ.

ત્યારબાદ ગણેશ વંદના ઉત્સવની ઉજવણી કરવામાં આવી જેમાં કે.પી. પંડયા, કોકીલાબેન મહેતા, હર્ષાબેન પંચોળી દ્વારા ગણેશ વંદનામાં ગાન અને સ્તુતી રજુ કરવામાં આવી. પુષ્પાબેન પંડયા એ ગણેશજી ની વાર્તા રજુ કરી. બાદમાં પ્રમુખે પ્રસંગોચીત ઉદ્બોધન કર્યુ. ત્યારબાદ વડિલોની ‘મેમરી ટેસ્ટ’નું આયોજન રવજીભાઈ કાચા દ્વારા કરવામાં આવ્યુ. અઈઈઉ ગૃપ મુજબ દરેક વડિલોની મેમેરીની ચકાસણી થઈ.

અભાર વિધિ ટોમભાઈ અગ્રાવત દ્વારા કરવામાં આવી. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ પૂર્ણ કરી સે ભોજન લઈ છુટા પડયા. કાર્યક્રમનુ સફળ સંચાલન કિરણભાઈ નાંઢાએ આગવી શૈલીમાં કર્યુ.

---

# દામનગરમાં મદનમોહનલાલજીની હવેલીમાં રાધાષ્ટમીની ઉજવણી કરાઈ



દામનગર, તા. ૧૯

દામનગર સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા અહીંની મદનમોહનલાલજીની હવેલીમાં શનિવારે રાધા અષ્ટમી નિમિતે સવારના આરતી , સાંજના રાસ ગરબા અને કીર્તન સાથે ઉજવણી કરવામાં આવેલ.

---

# ૨૧ સપ્ટેમ્બર, ‘‘આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ’’ વિશ્વ શાંતિ અમર રહો

અમરેલી, તા. ૧૯

આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ૧૯૮૧માં જાહેર કરવામાં આવ્યો. સપ્ટેમ્બર ૧૯૮૨ની ૨૧ સપ્ટેમ્બરનાં રોજ પ્રથમવાર તેની ઉજવણી કરવામાં આવી. વિશ્વ શાંતિ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સદભાવનો સંદેશો ફેલાવવાનો છે. ઝાડની ડાળી પર બેઠેલું સફેદ કબૂતર એ શાંતિનું પ્રતિક છે. વિવિધ ધર્મોમાં કબૂતરને શાંતિનું દૂત માનવામાં આવે છે. વિશ્વ શાંતિ દિવસે ઠેર ઠેર કબૂતર ઉડાડી શાંતિનો સંદેશો ફેલાવાય છે.



૨૧ સપ્ટેમ્બરને વૈશ્વિક યુદ્ધ વિરામ દિવસ તરીકે પણ ઉજવાય છે. આ દિવસે વિશ્વમાં જયાં પણ યુદ્ધ ચાલતું હોય ત્યાં નિઃશસ્ત્રીકરણની અપેક્ષા રાખવામાં આવે છે. આ દિવસે યુદ્ધવિરામ રાખવાનો આશય યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં નિર્દોષોને મદદ પહોંચાડવાનો પણ છે. દુનિયાનાં મોટા ભાગના દેશો દર વર્ષે શસ્ત્રો પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે આરોગ્ય અને શિક્ષણ પાછળ ખૂબ જ ઓછી રકમ ખર્ચ થાય છે. આમ, આ દિવસની ઉજવણી પાછળનો એક આશય એ પણ છે કે જો દુનિયાનાં દરેક દેશ શાંતિ માટે પ્રયત્નો કરે તો આરોગ્ય અને શિક્ષણ જેવી મહત્વની ચીજો પાછળ વધુનાણાં ફાળવી શકાય. જેને કારણે એક મજબૂત અર્થતંત્રની રચના કરી શકાય અને લોકોના જીવન ધોરણમાં પણ સુધારો કરી શકાય, કારણ કે જો દેશનો નાગરિક સ્વસ્થ અને ભણેલો હશે તો જ દેશ સ્વસ્થ અને મજબૂત બની શકશે અને વિકાસ કરી શકશે. સંયુક્ત રાષ્ટ્રનાં ન્યુયોર્ક સ્થિત મુખ્ય મથકમાં એક શાંતિ બેલ રાખવામાં આવ્યો છે. વિશ્વ શાંતિ દિવસની ઉજવણીની શરૂઆત આ બેલને વગાડીને કરવામાં આવે છે. આ બેલ દુનિયાભરમાંથી બાળકો દ્વારા એકઠા કરવામાં આવેલા સિક્કાઓને પીગાળીને બનાવવામાં આવ્યો છે. આ બેલ જાપાનનાં સંયુક્ત રાષ્ટ્ર એસોસિયેશન દ્વારા ભેટ આપવામાં આવ્યો હતો. જે યુદ્ધના ભયંકર પરિણામોનો અહેસાસ કરાવતો રહે છે. આ બેલ પર ‘વિશ્વ શાંતિ અમર રહો’ સૂત્ર કંડારવામાં આવ્યું છે.

કોઈપણ જીવ ખાઈ છે, પીએ છે, કમાય છે, જીવે છે, નવું ઘર લે છે, ગાડી લે છે, પરંતુ આ બધાનો હેતુ અંતે તો શાંતિ મેળવવાનો જ હોય છે. માણસ પાસે ગમે તેટલું હોય પણ જયાં સુધી એના મનમાં શાંતિનો વાસ ન હોય ત્યાં સુધી એને ચેન પડતો નથી. ઈશ્વરની ભક્તિ પણ ત્યારે જ થઈ શકે છે જયારે માણસનું મન અને મગજ વિચારો, દુરાગ્રહો કે હઠાગ્રહો રહિત થઈ જાય તો જ એ ભક્મિાં એકાકાર થઈ શકાય છે. કયારેક મનુષ્ય વધુ કમાવાની કે વધુ સુખમેળવવાની લાલસામાં, કયારેક મિત્રો પાસેથી વધારે પડતી અપેક્ષા સેવીને, ક્યારેક સ્વજનો પર જબરદસ્તી પોતાને મન ચાલતી વાણી, વર્તન કે વ્યવહાર માથે નાખીને જાતે જ ઉભા કરેલી અશાંતિનાં વર્તુળમાં ફસાઈ જતો હોય છે. આ શાંતિ દિવસ પર સૌ અશાંતિનાં વમણોમાંથી મુક્ત થઈને શાંતિ અને કઢણાનો અહેસાસ કરીએ અને કરાવતા શીખીએ.

**મિતલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

---

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
‘‘અમરેલી એક્સપ્રેસ’’ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

---

### ભાજપ અગ્રણી રવુભાઈ ખુમાણનાં વરદહસ્તે

# રાજુલાનાં બસ સ્ટેન્ડમાં આવેલ નવી બસનું લોકાર્પણ કરાયુ

### સ્થાનિક ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા





રાજુલા, તા. ૧૯

રાજુલા ડેપો ખાતે ૩ નવીન એસ.ટી. બસોનું શુભ લોકાર્પણ કરી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું આ નવીન બસો શરૂ થવાથી રાજુલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના મુસાફરો, વિદ્યાર્થીઓ અને દૈનિક અપ–ડાઉન કરતા નાગરિકોને સુવિધાસભર અને આરામદાયક મુસાફરીનો લાભ મળશે.

અમરેલી જિલ્લા ભાજપ આગેવાન રવુભાઈ ખુમાણ રાજુલા ચેમ્બરના પુર્વ પ્રમુખ બકુલભાઈ વોરા જયરાજભાઈ ધાખડા, ભૌતિકભાઈ કિંકાણી, જયદીપભાઈ કોટીલા, ભાવેશભાઈ ગુજરીયા રાજુલા ડેપો મેનેજર, ડેપો પરિવાર તથા વર્કશોપ સ્ટાફ ઉપસ્થિત રહયા હતા.

વિસ્તારના વિકાસ અને લોક સુવિધામાં સતત વધારો કરવા બદલ ઉપસ્થિત સે અગ્રણીઓએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને ચેરમેન જીગ્નેશભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

---

### સંતો–મહંતોના આશીર્વાદ અને હજારો દીવડાઓના પ્રકાશ વચ્ચે

# સાવરકુંડલા : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬માં જન્મદિવસે શહેર દીવડાઓના પ્રકાશથી ઝળહળ્યુ

### વડાપ્રધાનનાં વ્યક્તિત્વના ગુણોની અદ્ભુત ગાથાનું ધારાસભ્યએ કર્યુ હૃદયસ્પર્શી વર્ણન

સાવરકુંડલા, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ તથા તેમના જાહેરજીવનની ૨૫ વર્ષની અવિરત સેવાયાત્રા નિમિત્તે સાવરકુંડલા ખાતે ભવ્ય અને ભાવસભર ‘આશીર્વાદનો દીવો’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંતો–મહંતોના પાવન આશીર્વાદ, હજારો દીવડાઓના ઝળહળતા પ્રકાશ અને મોટી સંખ્યામાં ઉમટી પડેલા નગરજનોની રાષ્ટ્ર ભાવનાથી સાવરકુંડલાની ધરતી પર અનોખો આધ્યાત્મિક અને રાષ્ટ્ર ભાવનાથી ઓતપ્રોત માહોલ સર્જાયો હતો.

આ કાર્યક્રમમાં સાવરકુંડલા– લીલીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમા સંતો–મહંતોની પાવન ઉપસ્થિતિમાં ધારાસભ્ય સહિત ઉપસ્થિત સૌએ દીપ પ્રજવલિત કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને રાષ્ટ્રસેવા માટે અવિરત શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે સંતો–મહંતોએ વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે આશીર્વાદ પાઠવી તેમના રાષ્ટ્રસેવાના સંકલ્પને વધુ બળ મળે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની જાહેર જીવનની સેવાયાત્રાનેબિરદાવતા નગરજનો અને ઉપસ્થિત કાર્યકરોએ હજારો દીવડાઓ પ્રજવલિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

એક પછી એક પ્રજવલિત થતા દીવડાઓ સાથે જાણે સાવરકુંડલાની ધરતી પરથી એક જ ભાવના પ્રકાશિત થઈ રહી હતી રાષ્ટ્રસેવાના આ દીપને વધુ પ્રકાશ મળે, નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘાયુષ્ય મળે અને ભારત વધુ ઊંચાઈઓ સર કરે.

આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિત્વ અને તેમની સેવાયાત્રાના વિવિધ પાસાઓનું હૃદય સ્પર્શી વર્ણન કર્યુ હતું. તેમણે નરેન્દ્રભાઈના વ્યક્તિત્વમાં રહેલી નમ્રતા, નૈતિકતા, નિર્ણાયકતા, નિર્ભયતા, નિપુણતા, નિર્મળતા અને નિયમિતતા જેવા ગુણોને તેમની જાહેરજીવનની યાત્રા સાથે સાંકળીને રોચક અને ભાવસભર રજૂઆત કરી હતી.

કસવાલાએ જણાવ્યું હતું કે, ૨૫ વર્ષની જાહેરજીવનની આ યાત્રા માત્ર સત્તાની યાત્રા નથી, પરંતુ સંકલ્પ, સેવા, સમર્પણ અને રાષ્ટ્ર નિર્માણની યાત્રા છે. તેમના સંબોધન દરમિયાન અનેક પ્રસંગોના ઉલ્લેખથી ઉપસ્થિત શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા.

દીપ પ્રજવલન માત્ર એક કાર્યક્રમ ન રહેતાં તે રાષ્ટ્રસેવા, જનકલ્યાણ અને ભારતના ઉજજવળ ભવિષ્ય માટેની સામૂહિક પ્રાર્થનાનું પ્રતીક બનીગયું હતું.

આ આશીર્વાદ દિવો કાર્યક્રમમા ઉપસ્થિત સૌએ વડાપ્રધાનને દીર્ઘાયુષ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તથા તેમના નેતૃત્વ હેઠળ ભારત વિકાસના નવા શિખરો સર કરે, આત્મનિર્ભર, સમૃદ્ધ અને સશક્ત રાષ્ટ્ર તરીકે વિશ્વમાં વધુ મજબૂત સ્થાન પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના કરી હતી.

આ કાર્યક્રમ સંતો–મહંતોના આશીર્વાદ, જનતાની લાગણી અને કાર્યકરોના ઉત્સાહથી સમગ્ર વાતાવરણ ભક્તિ, રાષ્ટ્રભાવના અને સેવાભાવના ત્રિવેણી સંગમ સમાન બની ગયું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ અને જાહેર જીવનની ૨૫ વર્ષની સેવાયાત્રાને સમર્પિત આ ‘આશીર્વાદનો દીવો’ કાર્યક્રમ દ્વારા સાવરકુંડલાની જનતાએ એકસાથે દીવડાઓ પ્રજવલિત કરી દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને અવિરત રાષ્ટ્રસેવા માટે હાર્દિક શુભેચ્છાઓ અને પ્રાર્થના પાઠવી હતી. દીવડો એક હતો, લાગણી હજારોની હતી પ્રકાશ એક હતો, સંકલ્પ સમગ્ર રાષ્ટ્રનો હત અને પ્રાર્થના એક જ હતી નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘાયુષ્ય મળે, ભારત સતત પ્રગતિના પંથે આગળ વધે અને રાષ્ટ્રસેવાનો આ પ્રકાશ અવિરત પ્રજવલિત રહે.

આ પ્રસંગે જિલ્લા પ્રભારી અભયભાઈ ચૌહાણ, અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોવડિયા, જિલ્લા ભાજપના હોદ્દેદારો, તાલુકા તથા શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો, નગરપાલિકાના હોદ્દેદારો તથા સદસ્યો, તાલુકા પંચાયતના હોદ્દેદારો તથા સદસ્યો, તાલુકા વિસ્તારના આચાર્યો, વિદ્યાર્થીઓ તેમજ સાવરકુંડલા શહેર અને તાલુકાના મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

---

### સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા

# અમરેલીનાં ગણેશ મહોત્સવમાં સૌ પ્રથમ વખત ‘‘મોદક સ્પર્ધા’’નું આયોજન

### આગામી ૨૪ સપ્ટે.નાં રોજ સ્પર્ધા બાદ ‘‘મોદક કીંગ’’ની પસંદગી થશે

અમરેલી, તા. ૧૯

સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા ગણેશ મહોત્સવ–૨૦૨૬ અંતર્ગત અમરેલી શહેરમાં સૌ પ્રથમ વખત અનોખી અને રસપ્રદ ‘મોદક સ્પર્ધા’ (ચુરમાના લાડુ)નું આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ મહોત્સવના પાવન અવસરને વધુ યાદગાર અને લોક ભાગીદારી સભર બનાવવા માટે યોજાનારી આ સ્પર્ધામાં ચુરમાના લાડુ ખાવાની સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં નામ નોંધાવવાનું રહેશે. સ્પર્ધાનું આયોજન તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬, ગુરૂવારના રોજ રાત્રે ૮:૦૦ કલાકે અમરેલીના સિનિયર સિટિઝન પાર્ક, ફોરવર્ડ સર્કલ, અમરેલી ખાતે કરવામાં આવશે.

આ સ્પર્ધામાંથી અમરેલીના ‘મોદક કિંગ’ ની પસંદગી કરવામાં આવશે. સ્પર્ધકો માથી પ્રથમ નંબરે આવનારને રૂ. ૫૧૦૦/–દ્વિતિય નંબરને રૂ.૩૧૦૦/– તૃતિય નંબરને રૂ. ૨૧૦૦/– તથા ભાગ લેનાર તમામને સન્માનિત કરવામાં આવશે. સ્પર્ધામાં મર્યાદિત સંખ્યામાં જ નોંધણી સ્વીકારવામાં આવનાર હોવાથી રસ ધરાવતા સ્પર્ધકોએ વહેલી તકે પોતાનું નામ નોંધાવવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાંઆવ્યો છે.

સ્પર્ધાની વધુ માહિતી તથા નોંધણી માટે દિલીપસિંહ ઠાકુર ૭૦૧૬૮ ૯૩૦૪૫, નીખીલ આસર–૯૯૦૯૩ ૬૩૩૩૬, સાગર ગોડિયા– ૮૯૮૦૧ ૩૬૫૩૦, પ્રશાંત પરમાર–૯૭૧૪૦ ૮૬૯૦૨, અજય રાઠોડ– ૭૪૦૫૨ ૫૩૯૧૯, અને હિતેષ સેજુ – ૯૩૭૭૫ ૨૬૯૨૭ નો સંપર્ક કરી શકાશે.સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા અમરેલીવાસીઓને આ અનોખી સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક જોડાઈ ગણેશ મહોત્સવની ઉજવણીમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.




# ગ્રામ્ય વિસ્તારનાં માર્ગોથી લઈને રાષ્ટ્રિય ધોરી માર્ગો ઉપર એકસરખી જ સ્થિતિ

# માર્ગો ઉપર માઈલસ્ટોન કે દિશાસુચક બોર્ડનાં ઠેકાણા જ નથી

**માર્ગોની બગલમાં રહેલ વૃક્ષોનાં થડને રંગરોગાન કરવું કે વૃક્ષની નડતરરૂપ ડાળીઓ પણ દૂર થતી નથી**

**સ્ટેટ અને નેશનલ હાઈવે ઉપર કોઈ વીઆઈપીનું આગમન થવાનું હોય તે સમયે જ સફેદ પટ્ટા લગાવાઈ રહ્યા છે**

**જિલ્લામાં માર્ગોની મરામત માટે કરોડો રૂપિયાની ફાળવણી થતી હોવા છતાં પણ કોઈ કામ થતું નથી**

**વાહન અકસ્માતનું પ્રમાણ ઘટાડવા કે વાહનચાલકની સુવિધા વધારવામાં માર્ગ–મકાન વિભાગની ઉદાસીનતા**

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય, રાજયકક્ષા કે રાષ્ટ્રિય કક્ષાનાં માર્ગોની જાળવણી કરવામાં માર્ગ–મકાન (પંચાયત, સ્ટેટ અને નેશનલ) વિભાગની ઉદાસીનતા જોવા મળી રહી છે.

જિલ્લાનાં મોટાભાગનાં માર્ગો ઉપર નિયત અંતરે માઈલસ્ટોનનાં અભાવની સાથે દિશાસુચક બોર્ડ કયાંય જોવા મળતા નથી. અજાણ્યા વાહનચાલકોને સૌથી વધુ પરેશાની ગ્રામ્ય માર્ગો ઉપર થતી હોય છે.

જિલ્લાનાં અનેક માર્ગોની બગલમાં રહેલ વૃક્ષોનાં થડને નિયમ પ્રમાણે રંગરોગાન કરવામાં આવતુ નથી કે વાહન વ્યવહારમાં નડતરરૂપ વૃક્ષની ડાળીઓ દૂર કરવામાં આવતી નથી.

આશ્ચર્યજનક બાબત એ છે કે, જયારે કોઈ વીઆઈપી આવવાનાં હોય ત્યારે નાના–મોટા માર્ગો ઉપર સફેદ પટ્ટા લગાવવામાં આવે, નાના–મોટા ખાડાઓ દૂર કરવામાં આવે અને ડીવાઈડરની પણ સજાવટ કરવામાં આવે. પરંતુ, સામાન્ય વ્યકિતને વીઆઈપીનાં પદ સુધી પહોંચનાર સામાન્ય વાહનચાલકો માટે માર્ગો ઉપર સુવિધા અપાતી નથી.

અમરેલી જિલ્લામાં માર્ગોની મરામત, સજાવટ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવે પરંતુ, તેનો ખર્ચ કયાં અને કેવી રીતે થાય છે તેની કોઈને ખબર પડતી નથી. જિલ્લામાં અવારનવાર થતાં અકસ્માતોને અટકાવવા માટે માર્ગ–મકાન વિભાગે કમર કસવાની જરૂર હોવાનું વાહનચાલકો માની રહ્યા છે.

### કડિયાકામ કરતાં હોય તે સમયે બનાવ બન્યો

## અમરેલીનાં અંબિકાનગરમાં રહેતાં આધેડનું અકસ્માતે પડી જવાથી મોત

**માલસામાનની લિફ્ટ તૂટી પડતાં અકસ્માત સર્જાયો**

અમરેલી, તા. ૧૯

અમરેલીના જેસીંગપરા, અંબિકાનગર શેરી નં.૧, અર્જુનનગર લીમડાપીર વિસ્તારમાં રહેતા શૈલેષભાઈ ધીરૂભાઈ ભાલુ નામના ૪૫ વર્ષીય આધેડ ગત તા. ૨૬/૮ના બપોરના આશરે પાંચથી સાડા પાંચેક વાગ્યા દરમ્યાન અમરેલીના ધારી રોડ ઉપર આવેલ સારથી સોસાયટીમાં કડીયાકામ કરવા ગયેલ હતા. ત્યાં બીજા માળે માલ સામાન પહોંચાડવાની લીફટ અચાનક ખરાબ થતા તેને સરખી કરતા હોય. અકસ્માતે આધેડ નીચે પડી જતા બન્ને હાથના કાંડે ફેકચર તથા પેટમા કિડની ઉપર બ્લેડર આવે તે ફાટી જતા લોહી ભરાવવાના કારણે તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### તુફાન જીપમાં ચોરખાના બનાવી દારૂ ભર્યો હતો

## અમરેલીનાં જાળીયા–કેરાળા માર્ગ ઉપરથી વિદેશી દારૂની ૪૩૪ બોટલ ઝડપાઈ

**એક આરોપીની અટકાયત, અન્યની શોધખોળ**

અમરેલી, તા. ૧૯

અમરેલી તાલુકા પોલીસે વિદેશી દારૂની હેરાફેરી સામે મોટી કાર્યવાહી હાથ ધરી છે. જેમાં જાળિયા ગામથી કેરાળા ગામ તરફ જતા રસ્તા પર તુફાન ગાડીમાં ચોરખાના બનાવી ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈ જવાતો હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી વિદેશી દારૂ ઝડપી લીધો હતો.

અમરેલી તાલુકા પોલીસની ટીમ ગઈકાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે જાળિયા–કેરાળા માર્ગે ઉભેલી એક તુફાન ગાડીની તપાસ કરતા ગાડીમાં અલગ અલગ ચોરખાના બનાવી વિદેશી દારૂની બોટલો છુપાવવામાં આવી

અનુસંધાન પાના ૬ ઉપર

### અનેક નાગરિકોને વોટ્સએપ ગૃપમાં APK ફાઈલ મોકલવામાં આવી હોય

## અમરેલી જિલ્લાની જનતાને વોટ્સએપમાં આવતી APK ફાઈલથી સાવધાન રહેવાની જરૂર : જિલ્લા પોલીસ

**APK ફાઈલ ડાઉનલોડ કે ઈન્સટોલ ન કરવી : સાયબર ફ્રોડ થાય તો ૧૯૩૦ પર સંપર્ક કરો**




અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાના અનેક નાગરિકોના વોટ્સએપ ગ્રુપમાં કોઈ અજાણ્યા શખસો દ્વારા એપીકે ફાઈલ મોકલવામાં આવી હોવાનું પોલીસમાં સામે આવતા અમરેલી જિલ્લા પોલીસે નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે. અજાણ્યા વ્યકિત કે ગ્રુપમાંથી આવતી આવી એપીકે ફાઈલને ભૂલથી પણ ડાઉનલોડ કે ઈન્સ્ટોલ ન કરવા પોલીસ દ્વારા ખાસ સૂચના આપવામાં આવી છે.

અમરેલી જિલ્લા પોલીસની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ, સાયબર ઠગો દ્વારા આવી શંકાસ્પદ ફાઈલના માધ્યમથી મોબાઈલમાં હાનિકારક એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવી વ્યકિતગત માહિતી, બેંકિંગ વિગતો અથવા અન્ય સંવેદનશીલ ડેટાનો દુરૂપયોગ કરી સાયબરફ્રોડ આચરવામાં આવી શકે છે. તેથી વોટ્સએપ પર પ્રાપ્ત થતી અજાણી એપીકે ફાઈલને તાત્કાલિક ડિલીટ કરી દેવી અને તેને ખોલવી કે ઈન્સ્ટોલ કરવી નહીં.

અમરેલી જિલ્લા પોલીસે નાગરિકોને ખાસ અપીલ કરી છે કે, કોઈપણ શંકાસ્પદ લિંક, ફાઈલ અથવા એપ્લિકેશન અંગે ઉતાવળમાં કાર્યવાહી ન કરે અને મોબાઈલમાં અજાણી એપ્લિકેશન ઈન્સ્ટોલ કરવાનું ટાળે. સાયબર ફ્રોડનો ભોગ બનવાના કિસ્સામાં તાત્કાલિક ૧૯૩૦ નંબર પર ડાયલ કરી ફરિયાદ નોંધાવવા જણાવાયું છે.

સાથે જ સાયબર ક્રાઈમ અંગેની લેટેસ્ટ અવેરનેસ અને મહત્વપૂર્ણ માહિતી મેળવવા માટે નાગરિકોને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલીની વોટ્સએપ ચેનલ ફોલો કરવા પણ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

### ધોબા, પીપરડી, વીજપડી, ધ્રુફણીયા સહિત

## સાવરકુંડલા અને દામનગર પંથકમાં વરસાદનાં આગમનથી ઠંડક પ્રસરી

**વરસાદથી કૃષિ પાકોને ફાયદો : ખેડૂતો ખુશ**



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાનાં દામનગર અને સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારોમાં આજે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અને કૃષિ પાકોને પણ ફાયદો થવાની સંભાવનાં જોવા મળી રહી છે. સાવરકુંડલાનાં ધોબા, પીપરડી, મોટા ભમોદ્રા, દામનગરનાં ધફણીયા, આંબરડી સહિતનાં ગામોમાં વરસાદ પડયાનું જાણવા મળેલ છે.
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)